છૂટક નકલ કિંમત ₹ ૧૦-૦૦

# ગુજરાતી ક્રિશ્ચિયન્સ

આપણી સામાજિક નિકટતાનો સેતુ

પુસ્તક : ૧૪ અંક : ૬ જૂન ૨૦૨૦



હે ઈશ્વર, મારા પર દયા રાખો, મારા પર દયા રાખો; કેમ કે મારો આત્મા તમારે શરણે આવ્યો છે; [આ] વિપત્તિઓ થઈ રહે, ત્યાં સુધી હું તમારી પાંખોને આશ્રયે રહીશ. (ગી. શા. ૫૭:૧)



RAVI ZACHARIAS
1946-2020
ડૉ. રવિ ઝખાર્યા

## ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકના લેખક
## ખ્રિસ્તી સાહિત્યક્ષેત્રે વિખ્યાત ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયનનાં પુસ્તકો

મર્યાદિત સમય પૂરતાં ઉદાર ૫૦% ડિસ્કાઉન્ટમાં ખરીદવાની સુવર્ણ તક...

(www.gujaratichristians.com ઉપર
ઓનલાઈન પણ ખરીદી શકો છો - પોસ્ટેજ ખર્ચ અલગ)




પુસ્તકો મેળવવા માટે રૂબરૂ મુલાકાત લો
સોમથી શનિ (સમય ૧૧ થી ૭)

## ગુજરાતી ક્રિશ્ચિયન્સ કાર્યાલય

પટેલવાડી, ખોખરા સ્નાનાગારની સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮
ફોન : ૦૭૯-૨૨૧૬૨૪૪૧ e-mail: advtgc@gmail.com

ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં નં. ૧ સામયિક...
ગુજરાતી
ક્રિશ્ચિયન્સ
આપણી સામાજિક નિકટતાનો સેતુ
www.gujaratichristians.com

**વર્ષ:૧૪ અંક:૬ સળંગ અંક:૧૬૨ જૂન ૨૦૨૦**

**તંત્રી:** જોસેફ બેન્જામીન
PGDPP (Print & Publish)
MBA (Systems) (Marketing)

**સંપર્ક :** કાર્યાલય : ૦૭૯-૨૨૧૬૨૪૪૧
પ્રેસ : ૦૭૯-૨૨૯૩૨૪૪૧

**પ્રકાશક:**
જોસેફ બેન્જામીન
**પ્રકાશન સ્થળ/કાર્યાલય:**
એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી,
ખોખરા સ્વિમિંગ પુલ સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ - ૩૮૦ ૦૦૮.

**વાર્ષિક લવાજમ:**
(ઓનલાઈન પણ ભરી શકો)
ભારતમાં: રૂા. ૧૨૦ છૂટક નકલ : રૂા. ૧૦
વિદેશમાં: રૂા. ૧૬૦૦ US $ 35
ચેક/ડ્રાફ્ટ : JENSON MEDIA CORPORATION ના નામે લખો.

**E-mail: advtgc@gmail.com**

Gujarati Christians (Gujarati Monthly -1st of every month)
Owned, Printed and Published by Joseph Emmanuel Benjamin and Printed by him at Madhvi Offset Pvt. Ltd., B-20/21, Mohan Estate, Opp. Anupam Cinema, Khokhra, Ahmedabad-380 008 Published by him from A/4 Bethlehem Flats, Patelwadi, Maninagar(E), Ahmedabad-380 008 Editor : Joseph Emmanuel Benjamin.
*Annual Subscription :* Rs.120/-
*Retail selling price:* Rs. 10/-

जोसेफ ईमानुएल बेन्जामीन द्वारा माधवी ओफसेट प्रा.ली., बी २०-२१ मोहन एस्टेट, अनुपम सिनेमाके सामने, खोखरा, अहमदाबाद में मुद्रित एवं ए/४, बेथलेहेम फ्लेटस् पटेलवाडी, मणिनगर पूर्व, अहमदाबाद से प्रकाशित.
संपादक : जोसेफ ईमानुएल बेन्जामीन.

*માલિક, મુદ્રક અને પ્રકાશક જોસેફ ઈમાનુએલ બેન્જામીન દ્વારા માધવી ઓફસેટ પ્રા.લી., બી-૨૦/૨૧, મોહન એસ્ટેટ, અનુપમ સિનેમાની સામે, ખોખરા, અમદાવાદમાં મુદ્રિત અને એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, મણિનગર (પૂર્વ), અમદાવાદથી પ્રકાશિત.*
*તંત્રી: જોસેફ ઈમાનુએલ બેન્જામીન.*

# સામયિકના મુખેથી...

હે ઈશ્વર, મારી અરજ સાંભળો;
મારી પ્રાર્થના પર કાન ધરો.

મારું હૃદય વ્યાકુળ થશે,
ત્યારે પૃથ્વીને છેડેથી હું તમને અરજ કરીશ;
જે ખડક પર હું મારી જાતે ચઢી શકતો નથી
તે પર તમે મને લઈ જજો.

કેમ કે તમે મારા આશ્રય છો,
મારા વૈરી સામે મારો મજબૂત બુરજ છો.

હું સદાકાળ તમારા મંડપમાં રહીશ;
તમારી પાંખોને આશ્રયે હું રહીશ.

કેમ કે, હે ઈશ્વર, મારી પ્રતિજ્ઞાઓ તમે સાંભળી છે;
તમારા ભક્તોને તમે વારસો આપ્યો છે.
તમે રાજાનું આયુષ્ય વધારશો;
તેમનાં વર્ષો ઘણી પેઢીઓ જેટલાં થશે.

તે ઈશ્વરની સંમુખ સર્વદા રહેશે;
તેમનું રક્ષણ કરવાને તમારી કૃપા અને
સત્યને તૈયાર રાખજો.
તો દરરોજ મારી પ્રતિજ્ઞાઓ પૂરી કરવાને
માટે હું સદા તમારા નામનું સ્તવન કરીશ.



# અનુક્રમ જૂન ૨૦૨૦


**શ્રેણી** નિરાકરણ : ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના એકાકીજનિત પુત્ર હોવાનો... ૧૪

ઈમુભાઈની બોધકથાઓ : ઘરડાં માબાપને ઘેર પાછાં... ૧૫

બોલતાં જીવનો : એલન ફ્રાન્સિસ ગાર્ડિનર ૨૨


**વિવિધ**


વિશ્વવ્યાપી મરકી................જયંતિ ક્રિશ્ચિયન ..........................૧૨
ન્યાય .............................સ્ટીવન્સ મેકવાન .........................૧૭
પિતા એક જીવન ................જયપ્રકાશ રોય...........................૨૬
કોરોના લૉકડાઉનનો સમય ....ડૉ. સોલોમન ક્રિશ્ચિયન .................૨૭
પિતૃદિન...........................ડૉ. સુરેન્દ્ર આસ્થાવાદી...................૨૯
કોરોના મહામારીથી ............ડૉ. બેન્જામીન સુવાર્તિક .................૩૦
તંત્ર મંત્ર શસ્ત્ર ...................માત્થીઅસ ક્રિશ્ચિયન ......................૩૨


**ઉપરાંત**


સામયિકના મુખેથી ..............................................................૩
તંત્રીની કલમે.......................................................................૫
પ્રતિભાવ .............................................................................૮
ઘરસંગત બાઈબલ અભ્યાસ....................................................૯
કાવ્યોત્સવ.......................... ............................................૧૦
શાંત સમયે .......................... ..........................................૧૧
વેજિટેબલ અથાણાં ................ ..........................................૨૧
ખ્રિસ્તી વિશ્વની અટારીએથી ........ ........................................૩૫
શબ્દગૂંચ........................... ............................................૩૬


તો ખરું જ...

# તંત્રીની કલમે

***ખ્રિસ્તમાં વહાલાં મિત્રો,***

લોકડાઉન ૪.૦ માં ગયા મહિને અહીં વ્યક્ત કરેલી ધારણા મુજબ જ ધાર્મિક સ્થાનો ખોલવાની અનુમતિ નથી મળી. જાહેર ભક્તિસભાઓ ક્યારે યોજાશે તે પણ હાલની પરિસ્થિતિમાં કહી શકાય તેમ નથી. આવા સંજોગોમાં છેલ્લા બે મહિનાથી આપના ઘરમાં ચાલતી કૌટુંબિક પ્રાર્થના-આરાધનાની ઘરસંગત દ્વારા ઈશ્વરપિતા આપની સાથે વ્યક્તિગત રીતે વાત અને વ્યવહાર કરી રહ્યા છે અને તમારી પ્રાર્થનાની વેદી દિવસે-દિવસે વધુ પ્રજ્જવલિત બની છે એમ હું ખાત્રીપૂર્વક માનું છું. પ્રભુ ઈસુએ કહ્યું છે, “જો પૃથ્વી પર તમારામાંનાં બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશે, તો મારા આકાશમાંના બાપથી તેઓને સારુ તે કરાશે, કેમ કે જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું.” (માથ્થી ૧૮:૧૯-૨૦) તમારું ઘર એ કેવળ તમારું નહીં પરંતુ પ્રભુનું નિવાસસ્થાન એવું પ્રભુઘર અને દેવળ પણ છે માટે ‘ચર્ચમાં જવાનું બંધ થઈ ગયું’ એમ વિચારીને નિરાશ થશો નહીં, તમારા ઘરમાં જ સતત પ્રાર્થના કરો - ઈશ્વરની સ્તુતિ-આરાધના કરો - બાઇબલ વાંચન - મનન કરો - અને તેને પ્રભુઘર બનાવી દો. પ્રભુ ચોક્કસ સહાય કરશે. તેઓ તમારી સર્વ જરૂરિયાતો ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે.

આ દિવસોમાં પ્રાર્થના કરવાના મુદ્દાઓ પુષ્કળ છે. અહીં એમાંના થોડાક વિષે વિચારીશું. કોરોના વાયરસે દરેક દેશ-રાજ્ય, ધંધા-રોજગાર, સંબંધો, મેળ-મિલાપ વગેરેના ગણિત અને સમીકરણો ધરમૂળથી બદલી કાઢ્યાં છે. કોરોના મહામારીને કારણે ભયંકર સ્થિતિ સર્જાઈ છે. ભારતના અર્થતંત્ર ઉપર નજર રાખતી સન્માનનીય સંસ્થા ‘સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી’ (CMIE)ના જણાવ્યા અનુસાર એપ્રિલ માસમાં ૨૦ વર્ષથી ૩૦ વર્ષની વયજૂથના ૨ કરોડ સિત્તેર લાખ યુવાનોએ પોતાની નોકરી ગુમાવી દીધી છે. ૩૦ વર્ષથી ૪૦ વર્ષની ઉંમરના ૩ કરોડ ત્રીસ લાખ લોકોએ નોકરી ગુમાવી છે. આ ઉપરાંત અન્ય વયજૂથના લોકોને જો ઉમેરવામાં આવે તો આશરે ૧૦થી ૧૫ કરોડ લોકો બેકાર છે તેવો અંદાજ માંડવામાં આવી રહ્યો છે. આવનાર દિવસોમાં આ આંકડો હજુ વધવાની આશંકા છે.



આથી વિશેષ, CMIE દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૨૦મી મે સુધીમાં ભારતનાં એક તૃતીયાંશ ઘરોમાં અનાજ-કરિયાણું અને નાણાં ખલાસ થઈ ગયાં હશે. પરિસ્થિતિ ખરેખર વણસતી જાય છે અને આવનાર સમયમાં વધુ વણસશે. આ બેકાર યુવાનો અને બેહાલ કુટુંબોના આંકડામાં આપણા ખ્રિસ્તી યુવાનો અને કુટુંબોનો પણ સમાવેશ થાય છે. અમુક પરિવારો શરમ અને સંકોચને કારણે હાથ પણ લંબાવી શકતા નથી. આવા જરૂરિયાતમંદ લોકોને આપણે શોધી શોધીને ખાનગીમાં સહાય કરવી જોઈએ. એ કામ મારું અને તમારું, આપણી સંસ્થાઓનું અને આપણી મંડળીઓનું છે. મુશ્કેલ સંજોગોમાં જીવતા લોકોને માટે પ્રાર્થના કરીએ. તેમની સહાય કરવા આગળ આવનારાઓ માટે પણ પ્રાર્થના કરીએ.

ભૂખ્યાં-તરસ્યાં, પગમાં ચંપલનાં પણ ઠેકાણાં નહીં એવાં લાખો પરપ્રાંતીય મજૂરો અને તેમનાં કુટુંબો ધોમધખતા તાપમાં હાઈવે ઉપર પગપાળા ચાલીને હજાર, પંદરસો, સત્તરસો કિલોમીટર દૂર આવેલા તેમનાં ગામો તરફ હિજરત કરી રહ્યાં છે, તે ટી.વી. દૃશ્યો ભલભલાની આંખમાં આંસુ લાવી દે તેવાં છે. સાયકલ ઉપર સામાનનાં પોટલાં, નાનાં બાળકો અને વયોવૃદ્ધ માતાને અથવા ગર્ભવતી પત્નીને બેસાડીને ચાલી રહેલા લાચાર મજૂરો પણ જોવા મળે છે.

શહેરમાં માલની હેરફેર કરવા માંડમાંડ વસાવેલા બળદ ગાડાના એક બળદને પેટની આગ ઠારવા વેચવો પડ્યો હોય અને પછી એક બાજુ બળદ અને એક બાજુ વારાફરતી પતિ કે પત્ની જોતરાઈને બળદગાડું ખેંચીને પોતાનાં બાળકોને લઈને હિજરત કરી રહેલું કુટુંબ પણ જોવા મળ્યું. ચાલતા ચાલતા થાકી ગયેલું બાળક ટ્રોલી બેગ ઉપર જ સૂઈ જાય અને એની મા દોરડા વડે એ બેગ તથા બાળકને ખેંચીને ચાલતી હોય એ પણ તમે જોયું હશે. ભૂખ, તરસ, થાક કે અકસ્માતને કારણે આમાંના સેંકડો મજૂરોએ રસ્તામાં જ જીવ ગુમાવ્યા છે. આવા સમયોમાં હાઈ-વેની આસપાસ રહેતાં ગરીબ લોકો-પરિવારો

પોતાનું જે કાંઈ હતું તે વેચી સાટીને આ લોકોને મદદરૂપ બન્યાં છે.

પગપાળા હિજરત કરી રહેલા પ્રવાસી મજૂરોને આ સેવાભાવી લોકો સ્વખર્ચે મદદ કરી રહ્યા છે. દિવસ-રાત રસોડા ચલાવીને ગરમાગરમ ભોજન જમાડે છે. ચંપલ-સ્લીપર, પાણીના પાઉચ/બોટલ, બિસ્કીટ, માસ્ક, સૂકા નાસ્તાના પેકેટ વગેરે વહેંચે છે. થોડો સમય આરામ કરવાની અને થાક ઉતારવાની સગવડ પણ આપે છે. મજૂરો ભરેલો ટ્રક કે ટેમ્પો પસાર થતો હોય તેમાં રસ્તા ઉપર ઊભેલા સેવાભાવી યુવાનોનાં ટોળાંઓએ દોડી દોડીને પાણીના પાઉચ, નાસ્તાના પેકેટ વગેરે ફેંક્યા છે અને એમ હિજરતીઓની જેટલી બને તેટલી મદદ કરી છે. આવાં દૃશ્યો જોઈને કોને કરુણા ન ઊપજે? કોને દયા ના આવે? લોકોએ તન, મન, ધનથી આ નિરાધારોની મદદ કરી છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, વાપી-વલસાડ જેવાં નગરોમાંથી જ્યારે લાખો મજૂરો ભૂખ્યાં, તરસ્યા, માથે છત વગરના બેહાલ પગપાળા જઈ રહ્યા હતા ત્યારે ગુજરાતની પ્રોટેસ્ટંટ સંસ્થાઓ અને સંસ્થાઓ અને મંડળીઓએ કેટલાં રસોડાં ચલાવ્યાં? કેટલાં લાખ લોકોને જમાડ્યાં? આ પણ એક વિચારવા જેવો પ્રશ્ન છે. સેવાને ધર્મ કે જાતિના બંધન નથી.

સમગ્ર ભારતમાં લોકોએ સ્વૈચ્છિક રીતે પોતાના ખર્ચે જે લોકસેવા કરી છે તે રકમનો સરવાળો જો થઈ શકતો હોત તો કદાચ ભારતના GDPના કંઈ કેટલાયે ટકાનો એ આંકડો નીકળ્યો હોત! અન્યધર્મી લોકોએ પોતાની વ્યક્તિગત બચત વડે જમીન મિલકતો વેચી કાઢીને જનસેવા કરી છે. જાતે ખાલી થઈ ગયા છે. ગુજરાતની કેટલી ખ્રિસ્તી સંસ્થાઓ (પેરા ચર્ચ ઓર્ગેનાઈઝેશન્સ) અને મંડળીઓ આવી રીતે ખાલી થઈ? કોણે કોણે પોતાનાં ભંડોળ છૂટા કર્યાં? લાગે છે કે પ્રભુ ઈસુનું આગમન થશે ત્યાં સુધી અનેક વિપત્તિઓ આવશે પરંતુ આપણી સ્વાર્થવૃત્તિ છૂટશે નહીં!

ઈશ્વર બધું જ જુએ છે. ઈશ્વર આપણી સ્વાર્થવૃત્તિને બરાબર જાણે છે. આપણા ઢોંગ, આડમ્બર, સ્વાર્થ, લાલચ બધું જ સમજે છે. હાલ જો આપણે સેવા કરવાને બદલે મોં ફેરવ્યું હશે તો ન્યાયચુકાદા વેળાએ ઈશ્વર આપણને ઓળખવાનો ધરાર ઈનકાર કરશે તે વાત કઠોર સત્ય છે.

ઈશ્વરે તમારા પર કૃપા કરીને તમને ધન-સંપત્તિ, દોલત, સંસાધનો આપ્યાં છે અને તેમછતાં જો તમે આવા કપરા સમયોમાં તેનો ઉપયોગ નિઃસહાય લોકોને મદદરૂપ થવા કર્યો નથી તો એવાં ધનનો, એવાં ખાસ ભંડોળોનો, એવી F.D.ઓનો શો અર્થ? કોઈના સંકટમાં કામ ન આવી શકે એવાં ધનિક કુટુંબો, સંસ્થાઓ કે મંડળીઓ હોવાનું શું ગર્વ? શું માન કે મહત્ત્વ?

યાદ રાખો કે બાઇબલ કહે છે, “પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે. પણ તમે પોતાને સારુ આકાશમાં દ્રવ્ય એકઠું કરો, જ્યાં કીડા અથવા કાટ નાશ નથી કરતા, ને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જતા નથી. કેમ કે જ્યાં તમારું દ્રવ્ય છે ત્યાં જ તમારું ચિત્ત પણ રહેશે.” (માથ્થી ૬:૧૯-૨૧) પૃથ્વી ઉપર આપણે તો આ ધનના કારભારીઓ છે. ઈશ્વર એક દિવસે તેનો હિસાબ આપણી પાસે માંગશે એ યાદ રાખીએ. એ સમયે ઝંખવાણા અને શરમિંદા થવાનો વારો ન આવે તો સારું. માટે, આવા બેકાર, નિરાધાર, ભૂખ્યાં-તરસ્યાં અને રસ્તે રઝળતાં લોકોને તથા હિજરતીઓને મદદ કરીએ અને તેમને માટે પ્રાર્થના કરીએ.

કોરોના સામેના જંગમાં અગ્ર હરોળમાં લડી રહેલા ડૉક્ટરો, નર્સો, પોલીસ કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ તથા આવશ્યક સેવાઓ અવિરત ચાલુ રહે તે માટે મહેનત કરતા સ્ટાફ માટે પ્રાર્થના કરીએ. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતાં આપણા સમાજનાં હેડ નર્સ શ્રીમતી કેથેરાઈન ક્રિશ્ચિયન, કોરોના દર્દીઓની અવિરત સેવા કરતાં કરતાં ફરજ દરમ્યાન મૃત્યુ પામ્યાં. તેઓ ગુજરાતમાં કોરોનાનો ભોગ બનનારા પ્રથમ આરોગ્યકર્મી બન્યાં. અન્ય એક સિસ્ટર સવિતાબેનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તેવું જાણવા મળ્યું છે. બહેરામપુરા, મણિનગર, સરસપુરના આપણાં અનેક કુટુંબો કોરોના પોઝિટિવ છે. આ સૌ સાજાં થાય તથા વિશ્વભરમાંથી કોરોના નાબૂદ થાય તે માટે પ્રાર્થના કરીએ. ખાસ કેથેરીનબેનનાં દુઃખિત કુટુંબીજનો માટે પ્રાર્થના કરીએ. આપણા સમાજની અનેક દીકરીઓ નર્સિંગ વ્યવસાયમાં છે. તેઓને સતત સાત, ચૌદ, એકવીસ દિવસો સુધી હોસ્પિટલમાં જ રહીને ૨૪

કલાકની ડ્યૂટી કરવી પડે છે. ત્યારે આ સૌ દીકરીઓ અને તેમનાં કુટુંબો માટે ખાસ પ્રાર્થના કરીએ.

ગુજરાતમાં અને અન્યત્ર ખ્રિસ્તી ઓનલાઈન સભાઓની ઉત્તમ વ્યવસ્થાઓ ગોઠવાઈ ગઈ છે. આગેવાનો-સભાજનો ખુશ અને સંતુષ્ટ છે. પ્રભુના નામને ધન્યવાદ હો. પરંતુ શ્રોતાજનો તરીકે આપણે સંતોષ માની લેવાનો કે બેસી રહેવાનું નથી. જબલપુર કેથલિક ડાયોસિસના ૪૫ પ્રિસ્ટ્સ, તેમના મિશનેરીઓ અને સ્વયંસેવકોની ૧૫૦ લોકોની ટીમે મધ્યપ્રદેશના અંતરિયાળ આદિવાસી તથા અન્ય ગામો ખૂંદી વળીને લોકોમાં કોરોના અંગે જાગૃતિ ફેલાવી અને જરૂરી સરસામાનની મદદ પણ કરી. આ વાત ઉપરથી બોધ લઈને આપણે પણ નાની નાની ટીમો બનાવીને ચાલીઓ, ઝૂંપડપટ્ટીઓ, હાઈવે ઉપરના હિજરતીઓ વગેરે લોકોની મદદ કરીને સેવા કરી શકીએ છીએ. "લોકડાઉનમાં બહાર નીકળી શકાય તેમ ન હતું" એ પણ એક બહાનું માત્ર છે. જિલ્લા તંત્રમાં ઓનલાઈન રજૂઆત તથા થોડીક ફોર્માલિટી પૂરી કરવાથી અનેક સેવાભાવિઓને જરૂરી સાવચેતીઓ રાખવાની શરતે બહાર નીકળવાની મંજૂરીઓ મળેલી જ છે. માટે આપણે જો યુવાન અને તંદુરસ્ત હોઈએ તો ફિલ્ડ ઉપર જઈએ અને માનવસેવા કરીએ. સેવાભાવી લોકોને, તેમની સંસ્થાઓને સરકાર કે પોલીસે રોક્યા નથી. તેમને આવકાર્યા છે, સહકાર આપ્યો છે. આપણે પણ બીકણ બનવાને બદલે ગ્લોવ્સ, માસ્ક પહેરીને ડિસ્ટન્સીંગ જાળવીને સેવા કરી શકીએ તેમ છીએ. પ્રભુ ઉપર વિશ્વાસ રાખીને બહાર નીકળીએ. કોરોના એક-બે મહિનામાં જતી રહે તેવી મહામારી નથી. આપણે તેની સાથે જીવતાં શીખીશું તો જ ટકી શકીશું. ક્યાં સુધી ઘરમાં બેસી રહેવાનું પોસાશે? કોરોના લાંબા સમય સુધી કદાચ એક-બે વર્ષ સુધી આપણી સાથે જ છે તેમ તજજ્ઞો કહે છે.

આપણા સિનિયર સિટિઝનો અને બાળકોને ખાસ રીતે સાચવીએ. તેઓને કોરોનાનું વધુ જોખમ છે. તેઓમાં એક પ્રકારનો ભય કે ડર પેસી ગયો છે. તેમનો ડર દૂર કરીએ અને પ્રેમ દર્શાવીએ. આ ખાસ જૂથ માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરીએ.

જેઓ કોરોના પોઝિટિવ છે તેવી વ્યક્તિઓનો કે કોરન્ટાઈન થયેલા આપણા પડોશી પરિવારો સાથે જાણે તેઓ સમાજમાંથી બહિષ્કૃત હોય તેવો વ્યવહાર ન કરીએ. તેમને શરમિંદગી ન અનુભવવા દઈએ. કોરોના ગમે તેને થઈ શકે છે. માટે કોઈને પણ લાંછનરૂપ કે કલંકરૂપ ન ગણીએ. સમાજના આવા વર્તનને કારણે લોકોને કોરોનાના લક્ષણ હોવા છતાં તેઓ જાહેર થઈને ટેસ્ટ કરાવતાં નથી. અમદાવાદમાં આરોગ્ય સેવાઓનું નિરીક્ષણ કરવા આવેલા એઈમ્સના વડા ડો. ગુલેરીયાએ કહ્યું કે સમાજ તરફથી આવું ઓરમાયું વર્તન થવાના ડરને કારણે બહુ મોડું થઈ જાય ત્યારે છેક છેલ્લી ઘડીએ દર્દીઓ સારવાર લેવાની શરૂઆત કરે છે અને પરિણામે દેશનાં અન્ય રાજ્યોના કુટુંબની તુલનાએ ગુજરાતમાં કોરોનાનો મૃત્યુદર બમણો એટલે કે ૬.૫% જેટલો ઊંચો છે. કોરોનાના દર્દીઓ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દર્શાવીએ અને તેમના સાજાપણા માટે પ્રાર્થના કરીએ. કોરોનાને કારણે જેઓના સ્વજનોનું મૃત્યુ થયું છે તેવાં કુટુંબોને માટે પણ ખાસ પ્રાર્થના કરીએ.

અંતમાં, આ લખાય છે ત્યારે પ્રભુના મહાન સેવક અને RZIMના સ્થાપક ડો. રવિ ઝખાર્યા પ્રભુમાં ઊંઘી ગયા તેવા સમાચાર પ્રાપ્ત થયાં. ૭૪ વર્ષના ડો. રવિએ જીવનના ૪૮ વર્ષ વિશ્વભરમાં પ્રવાસ કરીને એપોલોજેટિક્સ, તર્કશાસ્ત્ર અને ફિલોસોફી દ્વારા ખ્રિસ્તી વિશ્વાસનો પ્રચાર અને પ્રસાર કર્યો. ૧૭ વર્ષની ઉંમરે ઝેર પીને જીવન ટૂંકાવવાના નિષ્ફળ પ્રયાસ બાદ સારવાર દરમ્યાન બાઇબલ વાંચીને તેઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો. તેમના કુટુંબને તથા તેમની સેવાકીય સંસ્થા RZIMને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો.

પ્રાર્થના અને સેવાકાર્ય કરવા માટેના મુદ્દાઓની છણાવટ કરતા આ લેખ દ્વારા પ્રત્યેક વાચકને પડકાર મળ્યો હશે અને આવનાર દિવસોમાં મુખ્ય પ્રવાહની જનસેવાઓમાં આપણા સમાજનું પણ ઘણું નોંધપાત્ર યોગદાન જોવા મળશે એ જ આશા સાથે,

પ્રેમભાવથી,

જોસેફ ક્રિશ્ચિયન



# પ્રતિભાવ

“મારા તરફથી આપને તથા આપના કુટુંબને પ્રેમી સલામ તથા સર્વ શુભેચ્છાઓ પાઠવું છું. ઈશ્વર આપની તમામ સેવાઓને આશીર્વાદિત કરે. કોરોના મહામારીની કટોકટીના સમયગાળામાં પણ ખૂબ ધીરજથી મેગેઝિનનું પ્રકાશન કાર્ય ચાલુ રાખીને આપશ્રીએ ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’નો કારોબાર સંપૂર્ણ રીતે સંભાળી રાખ્યો છે એ ખૂબ અદ્‌ભુત અને ઉત્તેજનની બાબત કહી શકાય. આપને તથા આપના ખંતીલા કર્મચારીઓને ખૂબ અભિનંદન અને આભાર.

સર્વ શુભેચ્છાઓ અને પ્રાર્થના સાથે.”

**રેવ. ડો. ચંદ્રકાન્ત ડી. પથિક,**
**નડિયાદ**




**કાનૂની સ્પષ્ટતા -** Legal Disclaimer - Gujarati Christians Monthly - ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકમાં પ્રગટ થતાં લેખો, વિભાગો, કાવ્યો, વાર્તાઓ, સમાચારો, પ્રતિભાવો, જાહેરાતો વગેરે સાથે તંત્રી, પ્રકાશક, મુદ્રક સંમત છે જ તેમ માનવું નહીં. લેખન અંગેની તમામ જવાબદારી જે તે લેખકની રહેશે.જાહેરાત અંગેની તમામ જવાબદારી જાહેરાત આપનારની રહેશે. કોઈપણ સંજોગોમાં આ સામયિકમાં લખાતાં - છપાતાં લખાણ માટે તંત્રી, પ્રકાશક કે મુદ્રકને જવાબદાર ઠેરવી શકાશે નહીં. જાહેરાત આપનારની સાથે વાચકોએ પોતાની વિવેકબુદ્ધિથી અને પોતાના જોખમે વ્યવહાર કરવો.

આ સામયિકની ડિઝાઈન, ગોઠવણ, શૈલી, ચિત્રો વગેરેનું કોઈપણ રીતે અનુકરણ કરી શકાશે નહીં. પ્રકાશકની લેખિત અનુમતિ વગર કોઈપણ કૃતિનો ઉપયોગ કરવો નહીં. જે કોઈ આમ કરવામાં કસૂરવાર ઠરશે તે કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે. ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

# ગુજરાતી ક્રિશ્ચિયન્સ ઘરસંગત બાઈબલ અભ્યાસ જૂથ જૂન - ૨૦૨૦ની રૂપરેખા

## "આપણે એકઠાં મળવાનું પડતું ન મૂકીએ"

આપનાં કુટુંબ, મિત્રવર્તુળ, સહ-કર્મચારીઓ, પડોશીઓ વગેરેમાંથી ત્રણ - ચારથી લઈ દસ-બાર વ્યક્તિઓ એકત્ર મળીને તમારા ઘરે, ઓફિસમાં, પ્રભુમંદિરમાં કે ફળિયામાં "ગુજરાતી ક્રિશ્ચિયન્સ ઘરસંગત બાઈબલ અભ્યાસ જૂથ" આજે જ શરૂ કરો. અઠવાડિયાના કોઈપણ અનુકૂળ દિવસે એક કલાકનો સમય ફાળવીને ઈશ્વરના આશીર્વાદિત થાઓ.

જાન્યુઆરી-૨૦૨૦થી આપણે રોમનોને પત્રનો અભ્યાસ કરી રહ્યા છે. દર મહિને એક અધ્યાયનો સઘન અભ્યાસ કરીશું. દર અઠવાડિયે બાઈબલ અભ્યાસની શરૂઆત જે તે માસના આખાયે અધ્યાયનું વાંચન કરીને કરશો અને ત્યાર બાદ જે તે અઠવાડિયાના પ્રશ્નોના ઉત્તરો આપવા સાથે તમે પોતે તમારા મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નો રજૂ કરીને તેનો ઉત્તર આપવા ચર્ચા - વિચારણા કરશો. એક-બીજાના વિચારોની આપ-લે દ્વારા વચનોનો અદ્‌ભુત પ્રકાશ પામી શકશો સાથે સાથે ગત બે વર્ષમાં દરેક શાસ્ત્ર અભ્યાસને અંતે જે ચાર પ્રશ્નોની આપણે ચર્ચા કરતાં આવ્યાં છીએ તેની ચર્ચા તો કરવાની જ. જેવા કે,

૧) આ શાસ્ત્રભાગમાંથી તમે શું શીખ્યા? ૨) તમારે શું ન કરવું જોઈએ? ૩) તમે કેવી રીતે પોતાને સુધારશો? ૪) તમે આ ત્રણે પ્રશ્નોની બાબતોને કેવી રીતે આધીન થશો?

## આ માસનો શાસ્ત્રપાઠ (દરેક અઠવાડિયે વાંચવાનો): રોમનોને પત્ર : છઠ્ઠો અધ્યાય

## આ મહિનાના પ્રશ્નો :

**પ્રથમ સપ્તાહ :** ૧. ઈશ્વરની કૃપાથી પાપીઓ તેમના પાપની માફી પ્રાપ્ત કરે છે. શું વધુ પાપ વધારે કૃપામાં પરિણમે છે? રોમન ૬:૧-૨માં આ હક્કને પાઉલ કેવી રીતે મૂલવે છે?

૨. શરૂઆતના વિશ્વાસીઓ કેવળ છંટકાવના બાપ્તિસ્મા કરતાં ડૂબકીના બાપ્તિસ્માને અમલમાં મૂકતા હતા એ રોમન ૬:૪ કેવી રીતે દર્શાવે છે? આ ડૂબકીના બાપ્તિસ્મા સાથે ખ્રિસ્તના ઉદ્ધારના કાર્યનું પાસું કઈ રીતે સંકળાયેલું છે?

૩. પાણીનું બાપ્તિસ્મા એ આપણી આવનાર આશા વિષે સંકેત આપે છે તે રોમન ૬:૪-૫ કેવી રીતે દર્શાવે છે? આ આવનાર આશા કઈ છે?

**બીજું સપ્તાહ :** ૧. ખ્રિસ્ત સાથેના આપણાં પરિવર્તનને રોમન ૬:૫-૭ કેમ મરણ તરીકે વર્ણવે છે?

૨. ખ્રિસ્તની પાછળ ચાલવું એ તમારા માટે કેવી રીતે મરણનો અનુભવ છે?

૩. જે સતત પાપના પરીક્ષણમાં પડવાનું સ્વીકારે છે તેવા ખ્રિસ્તને અનુસરનારા તમારા સાથીને તમે શું સલાહ આપશો?

**ત્રીજું સપ્તાહ :** ૧. જાતીયતાને લગતી વાત આવે ત્યારે સચ્ચાઈ એ છે કે શેતાને જાતીયતાને લગતી વિકૃતિ પેદા કરી છે. હવે જાતીયતાના પાપ સાથે ઝઝૂમતા લોકોને રોમન ૬:૧૨-૧૪ શું કહે છે?

૨. જે જાણીજોઈને પાપ કરતો હોય છતાં પોતાને ખ્રિસ્તનો વિશ્વાસી કહેતો હોય તેવી વ્યક્તિને તમે શું કહેશો?

૩ જ્યારે આપણે ખ્રિસ્તના અનુયાયીઓ બનીએ છીએ ત્યારે શું થાય છે?

**ચોથું સપ્તાહ :** ૧. પાપ દુન્યવી વેતન ચૂકવે છે તે સદાકાળનું વેતન પણ ચૂકવે છે. આ વેતન કયા કયા છે? (રોમન ૬:૨૧)

૨. ન્યાયીપણાના વેતનથી આ વેતન કેવી રીતે જુદું છે? ન્યાયીપણાના દુન્યવી અને સદાકાળના વેતન કયા છે?

૩. રોમન ૬:૨૩માં કેવી રીતે બન્ને સારા સમાચાર અને ખરાબ સમાચાર છે?

**પાંચમું સપ્તાહ :** ૧. સુવાર્તા વિષે રોમનનો છઠ્ઠો અધ્યાય આપણને શું શીખવે છે?

૨. તમે આ અઠવાડિયામાં જે શીખ્યા તે વિષે તમે કોને જણાવ્યું?

૩. ઈશ્વર તમારી સાથે વાત કરતા હોય એવું તમને આ અભ્યાસના કયા ભાગથી લાગ્યું?

૪. ઈશ્વરને તમારો પ્રાર્થનામય પ્રતિભાવ લખો.

# કાવ્યોત્સવ

## તમને જ હો

ટેક : હાલેલૂયા, હાલેલૂયા.
રાજાઓનો રાજા, ગરીબોનો ત્રાતા,
માન, મહિમા, ગૌરવ એકલા તમને જ હો...
હાલેલૂયા...
પ્રભુઓના પ્રભુ, સૌના છો બંધુ,
માન, મહિમા, ગૌરવ એકલા તમને જ હો...
હાલેલૂયા...
જગતનો તારનાર, સૌને બચાવનાર,
માન, મહિમા, ગૌરવ એકલા તમને જ હો...
હાલેલૂયા...
મૂલ્યવાન પથ્થર, શાંતિનો સરદાર,
માન, મહિમા, ગૌરવ એકલા તમને જ હો...
હાલેલૂયા...
મરિયમનો દીકરો, તારનાર જે એકલો,
માન, મહિમા, ગૌરવ એકલા તમને જ હો...
હાલેલૂયા...

**નેલસન જોન ક્રિસ્ટી, સુરત**

## પિતૃદિને ઈસુયાચના

ઓ આસ્માની અબ્બા યેશુ રબ્બા
કૈસે કરું મૈં તેરા શુક્રિયા
તોહફા દિયા પિતાકા બેશકીમતી
કૈસે કરું ઉસે પ્રભુ મૈં બયાં

- ઉંગલી પકડકે ચલના શિખાયા
  નીંદ અપની દે કે ચૈન સે સુલાયા
  જિંદગીકી હર કસૌટીમેં મૈને પાપાકો કરીબ પાયા...
- ફર્જ નીભાયા કર્જ ચુકાયા
  પહચાન અપની દી ઔર નામ દિયા
  પાપા મેરા સંસાર હૈ ઉસકે બીના કુછ ન ભાયા...
- સચ્ચે મસીહ બનકે રાહ દિખાયા
  ફાની જગતકી બુરાઈયોંસે હૈ બચાયા
  સંભાલના સદા પાપાકો યેશુ યે હૈં મેરી યાચના...

**રક્ષા ડી. ટેલર, ભરૂચ**

## સહાયકારી

સહાયકારી આદમને સારુ ઉત્પન્ન કરી તમે,
તેઓની મુલાકાત લઈ દર્શાવ્યો પ્રેમ તમે.
જગતમધ્યે સ્ત્રી-પુરુષને સમકક્ષ ગણ્યા તમે,
સ્ત્રીઓની પ્રાર્થના સૂણી બાળક દીધા તમે.
સ્ત્રીઓને ઉચ્ચપદે લાવી ન્યાયાધીશ બનાવી તમે,
સ્ત્રીઓને પ્રબોધિકાનું સ્થાન દઈ વાપરી તમે.
પાપી સ્ત્રીઓના પાપ માફ કરીને તારણ આપ્યું તમે,
તમારી સેવામાં તેઓને ઉપયોગી કર્યા તમે.
માનવના ઉદ્ધાર માટે યોજના ઘડી તમે,
મરિયમની કૂખે જન્મ લઈ આવ્યા તમે.

**જ્યોતિબેન દિનેશ ખંભાતા, સુરત**

## આવો પ્રભુજી

આવો પ્રભુજી દિલમાં અમારા, બોલાવે સંતો તમારા.
વાટ જુએ છે ચાતકસમ આ, ચક્ષુઓ થઈ અધીરા - ટેક.

૧. જગત ઝંઝાવાતે જીવન, બન્યું છે અઘરું ભારે (૨)
પાર ઉતારો નૈયા અમારી (૨) ભવ તારી કિનારે...
આવો...

૨. ભટકે છે અમ મનડું ભૂંડા, પાપ નાણાં અંધકારે (૨)
બાળીને ટાળો પાપનું ભારણ (૨) મન ભરો પ્રકાશે...
આવો...

૩. 'ઘાયલ' થઈ છે મનની હાલત, મોહમાયાના પ્રતાપે (૨)
દૂર કરી એ મનની લાલચ (૨) શુદ્ધતા દેજો હેતે...
આવો...

**ક્રિશ્ચિયન કિરીટકુમાર "ઘાયલ", ભાલેજ**

# શાંત સમયે

## શાસ્ત્રવાંચન : ગીતશાસ્ત્ર ૧૦૩: ૧૫-૧૮

**"માણસના દિવસો ઘાસ જેવા છે;" ગી. શા. ૧૦૩: ૧૫**

દાઉદ રાજાના હ્રદયના ઊંડાણમાંથી નીકળેલું આ અદ્‌ભુત ગીત, જો તમે તેને ધ્યાનપૂર્વક આખુંયે વાંચો અને તમને રોમાંચિત ન કરે તો જ નવાઈ! કોઈ દૈહિક પિતા પોતાનાં બાળકોને બાથમાં સમેટે અને તેમને માટે કરુણા દર્શાવે તે કરતાંયે વધારે ઉત્કટ પ્રેમથી આકાશમાંના આપણા યહોવા બાપ આપણી ચિંતા કરે છે. આપણાં પાપ માફ કરે છે, આપણા રોગ મટાડે છે, આપણા જીવને નાશથી બચાવે છે, આપણને કૃપા તથા રહેમનો મુગટ પહેરાવે છે, ઉત્તમ વસ્તુઓથી આપણા મોઢાને તૃપ્ત કરે છે અને ગરુડની પેઠે આપણી જુવાની તાજી કરે છે. આપણા ઉપર જુલમ કરીને હેરાન કરનારાઓનો તે ન્યાય કરે છે. આપણા ઈશ્વરપિતા ખૂબ જ દયાળુ, કરુણાળુ અને ઉદાર છે. (૧૦૩: ૧-૧૩). ગીતના અંત ભાગમાં દાઉદ ઈશ્વરપિતાનું ભવ્ય ચિત્ર રજૂ કરે છે. સમગ્ર સૃષ્ટિ ઉપર યહોવાની સત્તા છે અને તેઓને દૂતો, સૈન્યો અને પરાક્રમી સેવકોથી ઘેરાયેલાં દર્શાવે છે.

શાસ્ત્રવાંચનમાં જે કલમો છે તેમાં માનવી જીવનની ક્ષણભંગુરતા દર્શાવી છે. માનવજીવન ખૂબ જ ટૂંકું છે. આપણે ધૂળમાંથી બનેલાં છીએ અને આપણું બંધારણ આપણે ધૂળમાં જ મળી જઈએ એવું છે, એ વાત પ્રભુ બરાબર જાણે છે અને એથી જ એમને આપણી ઉપર અતિ કરુણા ઊપજે છે. પણ શું આપણે આપણા આ પૃથ્વી ઉપરના જીવનને ગંભીરતાથી લઈએ છીએ ખરા? પૃથ્વી ઉપર જન્મેલી પ્રત્યેક વ્યક્તિ જાણે છે કે એક દિવસે તેનું મૃત્યુ થવાનું છે, અને વખત જતાં તે ભુલાઈ જવાની છે. તેમ છતાં તે જાણે કદી મરણ પામવાનાં જ ન હોય તે રીતે શા માટે વર્તે છે?

જન્મ, બાલ્યાવસ્થા, સ્કૂલ-કોલેજનાં વર્ષો, યુવાનીનો શક્તિ અને કાર્યક્ષમતાથી ભરપૂર તબક્કો એ બધું જાણે ચપટી વગાડતાં પસાર થઈ જાય છે. પોતાની ઉંમરના વીતી ગયેલાં વર્ષો બહુ ઝડપથી પસાર થઈ ગયાં એવું દરેકને લાગે છે. એંશી વર્ષની વૃદ્ધાને પણ તેમનાં અભ્યાસકાળનાં વર્ષોની વાતો સ્પષ્ટ રીતે યાદ હોય છે. પ્રાથમિક શાળાના શિક્ષકો, સહઅધ્યાયીઓ, બનાવો બધું જ અક્ષરસઃ યાદ હોય છે. જો તમે તેમને પૂછો તો કહેશે કે હા, જીવન બહુ ઝડપથી સમાપ્તિના આરે આવી ગયું!

ગીતકર્તા કહે છે કે, "માણસના દિવસો ઘાસ જેવા છે; ખેતરમાંના ફૂલની પેઠે તે ખીલે છે. કેમ કે  વા તેના પર થઈને વાય છે, અને તે હતું ન હતું થઈ જાય છે; અને તે ક્યાં હતું એ કોઈને માલૂમ પડતું નથી." (કલમ ૧૫ અને ૧૬).

અયૂબ કહે છે, "સ્ત્રીજન્ય મનુષ્ય અલ્પાયુ, અને સંકટથી ભરપૂર છે. તે ફૂલની પેઠે ખીલે છે, અને તેને કાપી નાખવામાં આવે છે; વળી તે છાયાની પેઠે જતું રહે છે, અને સ્થિર રહેતું નથી." (અયૂબ ૧૪: ૧-૨).

બીજા એક ગીતમાં દાઉદ મનુષ્યજીવનો વિષે લખે છે, "તું તેઓને રેલની માફક તાણી જાય છે; તેઓ નિદ્રા જેવાં છે; તેઓ સવારમાં ઊગતા ઘાસ જેવાં છે." (ગી. શા. ૯૦: ૫).

વહાલાં મિત્રો, તમારી ઉંમર શું છે? શું તમને લાગે છે કે તમારી વયનાં વર્ષો કંઈક વધારે જ ઝડપથી પસાર થઈ ગયાં? આ વીતી ગયેલાં વર્ષોમાં શું તમે ઈશ્વરનો સાદ સાંભળ્યો છે? પૂરાં મનથી ઈશ્વરની ભક્તિ કરી છે? જે ઉદ્દેશથી તમને ઈશ્વરે આ જગતમાં મોકલ્યા છે તે પાર પાડ્યો છે? પ્રભુ ઈસુનો સ્વીકાર કરીને પાપોની માફી મેળવી છે?

ઈશ્વરની આજ્ઞાઓ પાળીને તેમના સાચા ભક્ત બન્યાં છો? પ્રભુ ઈસુની સુવાર્તાના સેવક બન્યાં છો? જો તમારો ઉત્તર 'હા' છે તો તમારે વીતી ગયેલાં વર્ષો માટે અફસોસ કરવાની કે મૃત્યુનો ડર રાખવાની જરૂર નથી.

અનુસંધાન પાના નં. ૩૪ ઉપર...

## યહોવાની તરવાર એટલે
# વિશ્વવ્યાપી મરકી



જયંતિ ક્રિશ્ચિયન

**(૧) ગણના ૧૬:૪૧-૫૦ (૨) ગણના ૨૫:૧થીલ (૩) ૨ શમુ. ૨૪:૧થી૨૫**

અત્યારે આ કોરોના વાયરસના સમયમાં બે શબ્દો બહુ પ્રચલિત થઈ ગયા છે. (૧) એપિડેમિક Epidemic અને (૨) પેન્ડેમિક Pandemic. એપિડેમિક એટલે વ્યાપક રોગચાળો અને પેન્ડેમિક એટલે વિશ્વવ્યાપી રોગચાળો. મોટા પ્રમાણમાં જાનહાનિ થાય ત્યારે તેને 'મહામારી' કે મરકી કે પ્લેગ પણ કહેવાય. ચીનના વુહાન શહેરમાંથી તેની શરૂઆત થઈ. WHOને ૩૧ ડિસેમ્બર, ૨૦૧૯માં ચીને તેની જાણ કરી કે આવું કંઈક અમારા દેશમાં થઈ રહ્યું છે. પણ આ વાયરસને ફેલાવવામાં ઈટાલીનો મોટો ફાળો છે. કારણ કે તેમની બેદરકારી અને તેમણે બહુ મોડી પોતાની સરહદો બંધ કરી. જોતજોતામાં તો આંખના પલકારામાં આ વાયરસ વિશ્વવ્યાપી બન્યો. દુનિયા ગમે તે રીતે, ગમે તે દૃષ્ટિથી આ મહામારીને જોતી હોય પણ વિશ્વાસી વ્યક્તિઓ તરીકે બાઇબલમાં મરકી સંબંધી આપણને શું જાણવાનું મળે છે તે અગત્યની બાબત છે.

મરકી સંબંધી ખૂબ જ અગત્યની **સાત સમજ** આપણે બાઇબલમાંથી જોઈશું. યુનોના મહાસચિવે જણાવ્યું કે બીજા વિશ્વયુદ્ધ પછી આખા વિશ્વમાં કોઈ 'મહાસંકટ' આવ્યું હોય તો આ કોરોના વાયરસ છે. બાઇબલ પ્રમાણે આખા વિશ્વમાં આ ફરી વળેલો શાપ છે. પ્રભુએ પ્રચંડ કોપરૂપી વાદળાથી વિશ્વને કેવું ઢાંકી દીધું છે! (ય.વિ. ૨:૧). આખા જગત ઉપર આવી પડેલું આ ઈશ્વરનું ન્યાયશાસન છે. આખા વિશ્વને હચમચાવી નાખનાર આ 'મહામારી' - કોરોના વાયરસ 'મહાસંકટ' શું છે? બાઇબલમાં દૃષ્ટિકોણથી આપણે તે જોવા માગીએ છીએ.

યાદ રાખો, કોરોના વાયરસથી જેઓનાં મરણ થયાં છે એ તો ફક્ત ફિઝિકલ મરણ જ છે પણ પ્રભુ ઈસુની માફી માગ્યા વગર પાપના વાયરસથી જેઓના મરણ થાય છે તેઓ અનંતકાલિક નાશમાં જાય છે. અત્યારે કોરોના વાયરસની વેક્સીન ઉપલબ્ધ નથી પણ પાપના વાયરસની વેક્સીન પ્રભુ ઈસુનું લોહી (૧ યો. ૧:૭) અત્યારે આજે પણ ઉપલબ્ધ અને અવેલેબલ છે.

**૧. ઈશ્વર કઈ રીતે ન્યાયશાસન લાવે છે? - યર્મિ. ૧૫:૨**

૧. મરણ
૨. તરવાર
૩. દુકાળ
૪. બંદીવાસ

"યહોવા કહે છે કે, જેઓ મરણને સારુ નિર્માણ થયેલા છે તેઓ મરણ તરફ; તરવારને સારુ નિર્માણ થયેલા છે તેઓ તરવાર તરફ; દુકાળને સારુ નિર્માણ થયેલા છે તેઓ દુકાળ તરફ; અને બંદીવાન ..... તેઓ બંદીવાન થવા જતા રહેશે."

૫. કુદરત મારફતે - અયૂબ ૩૭:૯,૧૩.
૬. દુશ્મનો મારફતે - પુન. ૨૮:૨૫.
૭. રોગ - મરકી લાવશે - પુન. ૨૮:૨૧, ૨૨ 'તે તારા પર મરકી લાવ્યા કરશે.'

**૨. મરકી એટલે શું ?**

૧. મરકી એટલે ઈશ્વરનો કોપ. ગણના ૧૬:૪૬, ગણના ૧૧:૩૩, યશા. ૫:૨૫.
૨. યહોવાની તરવાર - ૧ કાળ. ૨૧:૧૨ આપણા લેખનું ટાઇટલ.
૩. યહોવાનો શાપ - પુન. ૨૮:૧૫, દાનિ. ૯:૧૧ 'શાપનો વરસાદ'.
૪. ઈશ્વરનું ન્યાયશાસન - નિર્ગ. ૧૨:૧૨.
૫. મોટી સંખ્યામાં મરણ (ફાંસી) - ગણના ૨૫:૪. દિલ્હીમાં (નિર્ભયા કેસમાં) ૪ વ્યક્તિને ફાંસી, અહીં ૨૪૦૦૦ને ફાંસી !
૬. પાપનું પરિણામ પાપનો પગાર કે વેતન - રોમન ૬:૨૩/ યાકૂબ ૧:૧૫.
૭. હૃદયનો રોગ - ૧ રાજા ૮:૩૭,૩૮; ૧ શમુ. ૧૬:૭; ૨ કાળ. ૧૬:૯.

**૩. મરકી આવવાનું કારણ શું ?**

૧. પાપ અને કચકચ - ગણના ૧૬:૪૧.

૨. ઈશ્વર અને ઈશ્વરના સેવકો (આગેવાનો) વિરુદ્ધ બોલવું - ગણના ૧૬:૪૨.
૩. શેતાનની ઉશ્કેરણીથી ૧ કાળ. ૨૧:૧. કુયુક્તિ-ફસાવવા ગણના ૨૫:૧૮. બાઇબલમાંથી ૩ જગ્યાએ મરકી આવવાનાં ઉપરોક્ત ૩ મુખ્ય કારણો જોયા.
હવે વિશ્વમાં મરકી આવવાનાં ૪ મુખ્ય કારણો બીજા પણ છે.
૪. મૂર્તિપૂજા અને વ્યભિચાર. કલોસી ૩:૫, હઝ. ૧૪:૧થી૩, ૧ શમુ. ૧૫:૨૨,૨૩, હિબ્રૂ ૧૩:૪.
૫. Same - Sex Marriage સજાતીય સંબંધો - લેવીય ૧૮:૨૫, લેવીય ૨૦:૧૩, યશા. ૫:૨૦.
૬. એબૉર્શન - ગર્ભપાત - ખૂન ગી.શા. ૧૦૬:૩૭-૪૦, ૨ કાળ. ૨૮:૩, ૨ કાળ. ૩૩:૬, યર્મિ. ૭:૩૧.
૭. ખ્રિસ્તી લોકોની સતાવણી - પ્રે. કૃ. ૯:૫, ૧ થેસ્સા. ૨:૧૬. વિશ્વમાં ૧૫૦ કરતાં વધારે દેશોમાં. જુઓ 10/40 WINDOW.

**૪. મરકીનો ઉપાય શો ?**

કોરોના વાયરસનો ઉપાય નથી પણ તેના મૂળમાં શું છે? પાપ. અને પાપનો ઉપાય છે - પાપની વેક્સીન. પ્રભુ ઈસુનું લોહી છે. રોમન ૫:૯.

૧. વેદી બાંધવી - ૨ શમુ. ૨૪:૧૮, ૨ શમુ. ૨૪:૨૪, ૨ શમુ. ૨૪:૨૫.
૨. ધૂપ ચઢાવવો } ગણના ૧૬:૪૬,
૩. પ્રાયશ્ચિત્ત કરવું } ગી.શા. ૧૪૧:૨, પ્રક્ટી. ૫:૮
૪. દોડી જવું - જીવતા અને મૂએલાની વચ્ચે ઊભા રહેવું - વચમાં પડવું. - ગણના ૧૬:૪૬.
૫. મધ્યસ્થ બનવું - છીંડામાં ઊભા રહેવું - પ્રભુને રોકવા. હઝ. ૨૨:૩૦, ઉત્પત્તિ ૧૮:૨૨-૩૩.
૬. આત્મિક હથિયારોથી સજ્જ થવું - એફ. ૬:૧૪-૧૮, હિબ્રૂ ૧૨:૪.
૭. ઉપવાસ કરવો - પ્રાર્થના કરવી - ઈશ્વરનાં વચનો પ્રમાણે વર્તવું - ૨ કાળ. ૭:૧૩,૧૪.

૫. મરકીનો ઉપાય કરવાથી પરિણામ શું?

૧. પ્રાર્થના માન્ય થઈ - ૨ શમુ. ૨૪:૨૫.
૨. મરકી બંધ થઈ - ૨ શમુ. ૨૧:૧૪.

**૬. મરકીથી બચવા શું કરવું?**

દૃશ્ય રીતે, શારીરિક રીતે, આત્મિક રીતે તેમ જ વ્યવહારિક રીતે (સ્પિરિચ્યુઅલી, વિઝિબલી, ફિઝિકલી - પ્રેક્ટિકલી)

| | | | |
|---|---|---|---|
| ૧. | માસ્ક અને ગલ્વઝ પહેરવાં | - | ઈશ્વરનાં આત્મિક હથિયારોથી સજ્જ થવું |
| ૨. | સોશિયલ ડીસ્ટંસ રાખવું | - | દુષ્ટતાથી દૂર રહેવું |
| ૩. | વારંવાર સાબુથી હાથ ધોવા સેનિટાઈઝરનો ઉપયોગ કરવો | - | પ્રભુ ઈસુના લોહીથી અને વચનોથી શુદ્ધ થવું - ૧ યો. ૧:૭/ યો. ૧૫:૩. |
| ૪. | ઘરમાં જ રહેવું Lockdown જુઓ ૭ Lockdownનો લેખ May - ૨૦૨૦. | - | ખાનગી અને કૌટુંબિક પ્રાર્થના - ઉપવાસ કબૂલાત - પશ્ચાત્તાપ - આત્મપરીક્ષા - મનન કરવું. |
| ૫. | ગવર્નમેન્ટના નિયમોનું પાલન કરવું - Indiaમાં દંડા અને USAમાં દંડ થાય છે. | - | ઈશ્વરના નિયમોનું મનન કરી તેનો અમલ કરવો - આજ્ઞાધીન થવું. |

**૭. મરકીથી રક્ષણ આપવા ઈશ્વરે આપેલાં અદ્ભુત અને ખાત્રીદાયક વચનો**

ગી. શા. ૯૧ પ્રમાણે

૧. ગી. શા. ૯૧:૧ પરાત્પરના ગુપ્તસ્થાનમાં રહેવું એટલે શું? ઈશ્વર સાથેનો ગાઢ અંગત અતિ-નિકટનો સંબંધ પુન. ૪:૭.
ગી. શા. ૯૧:૨ - (૧) તે જ મારો (અમારો નહિ પણ મારો) ઈશ્વર છે. ગી. શા. ૨૩:૧, (૨) તે જ મારો આશ્રય, (૩) તે જ મારો કિલ્લો, (૪) મારો ભરોસો કે વિશ્વાસ ફક્ત તેમના પર જ.
પુન. ૪:૭ પ્રમાણે ઈશ્વર સાથે મિત્રતાભર્યા સંબંધમાં જે જીવે છે તેમને આ વચનોની ખાત્રી આપવામાં આવી છે.
૨. કલમ ૩ - કેમ કે પારધીના પાશથી અને નાશકારક મરકીથી તને બચાવશે.
૩. કલમ ૬ - અંધારામાં ચાલનાર મરકીથી કે

અનુસંધાન પાના નં. ૩૪ ઉપર...

પ્રશ્ન મંચ

# નિરાકરણ

# શાસ્ત્ર સંબંધી સવાલોનું સચોટ સ્પષ્ટીકરણ



## સવાલ : ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના એકાકીજનિત પુત્ર હોવાનો શો અર્થ ?

ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન

ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના એકાકીજનિત દીકરા હોવાનો ઉલ્લેખ આપણને યોહાનનાં લખાણોમાં જ મળે છે, યોહાનની સુવાર્તામાં ચાર વખત (૧:૧૪,૧૮; ૩:૧૬,૧૮) અને તેના પત્રમાં એક વખત (૧ યોહ. ૪:૯). એકાકીજનિત શબ્દમાં જનિત એટલે જન્મેલો શબ્દ હોવાને કારણે યહોવાના સાક્ષીઓ, મોરમન તથા બીજા વિતંડાવાદો જે ઈસુ ખ્રિસ્ત સાક્ષાત્ ઈશ્વર હોવાની વાત સ્વીકારતા નથી તેઓ તેનો એવો અર્થ કરે છે કે ઈસુ ખ્રિસ્ત અનાદિકાળથી અસ્તિત્વ ધરાવનાર ઈશ્વર નથી, પણ ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું તે પહેલાં કોઈક સમયે ઈસુ ખ્રિસ્તને ઉત્પન્ન કર્યા હશે, ઈસુ ખ્રિસ્ત અસ્તિત્વમાં આવ્યા હશે.

પણ મૂળ ગ્રીક શબ્દ 'મોનોગેનેસ'માં જન્મનો અર્થ નથી પણ એક અને અદ્વિતીય હોવાનો અર્થ છે, એકનો એક પુત્ર, એકમાત્ર પુત્ર. કિંગ જેમ્સ, અમેરિકન સ્ટાન્ડર્ડ બાઇબલ વગેરે જૂનાં વર્ઝનોમાં આ શબ્દનો એકાકીજનિત (અં. ઓન્લી બીગોટન) અર્થ કર્યો છે તેને અનુસરીને આપણા જૂના ગુજરાતી ભાષાંતરમાં એકાકીજનિત શબ્દ વાપર્યો છે. આપણા કોમન લેંગ્વેજ ભાષાંતરમાં તેમ જ કેથોલિક સંપૂર્ણ બાઇબલમાં તેનો અર્થ એકનો એક પુત્ર કર્યો છે. ન્યૂ ઈન્ટરનેશનલ જેવાં આધુનિક વર્ઝનો આ શબ્દનું એકનો એક (અં. વન એન્ડ ઓન્લી) ભાષાંતર કરે છે. આ જ અર્થમાં 'મોનોગેનેસ' શબ્દ લૂકની સુવાર્તામાં ત્રણ વખત એકના એક બાળક માટે વપરાયો છે (૭:૧૨; ૮:૪૨; ૯:૩૮).

ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના એક અને અનન્ય પુત્ર છે, ઈશ્વરપુત્ર છે, અને ઈશ્વરપુત્રની સમજૂતીમાં જોયું તેમ સાક્ષાત્ ઈશ્વર છે. આ સિવાય ઈશ્વરને બીજો કોઈ દીકરો નથી. ઈસુ ખ્રિસ્તમાં ઈશ્વરનું પૂરેપૂરું ઈશ્વરત્વ રહેલું છે, જેમ પાઉલ પ્રેરિત લખે છે, "કેમ કે ખ્રિસ્તમાં ઈશ્વરત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે" (કલો. ૨:૯).

યોહાન દરેક વખત ઈસુ ખ્રિસ્ત માટે 'મોનોગેનેસ' શબ્દ ઈસુ ખ્રિસ્ત સાક્ષાત્ ઈશ્વર હોવાના સંદર્ભમાં વાપરે છે. તે ઈશ્વરના એકમાત્ર પુત્ર છે જેમનામાં ઈશ્વરનો સઘળો મહિમા પ્રગટ થાય છે (૧:૧૪). માત્ર તે જ ઈશ્વરને પ્રગટ કરી શકે છે (૧:૧૮). આ એકના એક પુત્ર સિવાય માનવજાતના ઉદ્ધારનો બીજો કોઈ માર્ગ નથી (૩:૧૬), એટલે ઈશ્વરના એકના એક પુત્ર પર જે વિશ્વાસ નથી કરતું તે ઈશ્વરનો અપરાધી ઠરે છે (૩:૧૮). ઈશ્વરના એકના એક પુત્ર સિવાય જીવન પ્રાપ્ત થતું નથી (૧ યોહ. ૪:૯).

તે સાથે આ શબ્દમાં ઈશ્વરપિતા સાથે ઈસુ ખ્રિસ્તનો અજોડ અને અનન્ય સંબંધનો અર્થ રહેલો છે. ઈશ્વરપિતાનો ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત સાથે જેવો સંબંધ છે તેવો સંબંધ બીજા કોઈનો ઈશ્વર સાથે હોઈ શકે નહિ. હિબ્રૂઓને પત્રમાં આ અર્થ વ્યક્ત થાય છે. ત્યાં ઇસહાકને ઇબ્રાહિમનો એકનો એક પુત્ર કહ્યો છે, "તેણે પોતાના એકના એક પુત્રનું બલિદાન આપ્યું" (હિબ્રૂ ૧૧:૧૭). તે જ રીતે ઈશ્વર જ્યારે ઇબ્રાહિમને તેના દીકરાનું બલિદાન કરવાનું કહે છે ત્યારે ઇસહાકને એકના એક દીકરા તરીકે ઓળખાવે છે (ઉત. ૨૨:૨). અલબત્ત, આપણે જાણીએ છીએ કે ઇસહાક ઇબ્રાહિમનો એકનો એક દીકરો નહોતો. પણ ઇસહાક વચનનો દીકરો હતો અને ઇબ્રાહિમનો ઇસહાક સાથે જે સંબંધ હતો તેવો સંબંધ ઇશ્માએલ સાથે કે પાછળથી થયેલાં તેનાં બાળકો સાથે નહોતો.

ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્ત વચ્ચે એવો અજોડ સંબંધ કે તેના જેવો સંબંધ છે બીજા કોઈને ન હોઈ શકે. એટલે યોહાન પોતાનાં લખાણમાં ક્યાંય વિશ્વાસી માટે ઈશ્વરના દીકરા કે દીકરી શબ્દ નથી વાપરતો, પણ બાળકો શબ્દ વાપરે છે, "જેટલાં તેમના નામ પર વિશ્વાસ

અનુસંધાન પાના નં. ૧૮ ઉપર...



ઈમુભાઈની બોધકથાઓ

# ઘરડાં માબાપને ઘેર પાછાં લઈ આવો!

ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન

ગૌતમ બુદ્ધનું બાળપણ મોજશોખથી ભરેલા મહેલમાં હતું અને તેમનાં માબાપે દુનિયાની બધી સ્વાભાવિક મુસીબતો તે ન જુએ અને સંસારત્યાગ ન કરે તેની તકેદારી રાખેલી. પણ તે ઉંમરવાન થયા ત્યારે તેમણે પોતાના રાજ્યમાં વિહાર કરવાનું માગ્યું. તેમણે કેટલીક બાબતો જોઈ કે જેથી સંસાર પરથી તેમનું મન ઊઠી ગયું અને તેમણે સંસારત્યાગ કર્યો. તેમણે જે ચાર બાબતો જોયેલી તેમાંની એક તે માણસની વૃદ્ધાવસ્થા. આપણી પેલી કવિતામાં પૂછે છે કે ઘડપણ કોણે મોકલ્યું અને ઘડપણની બધી મુસીબતોનું વર્ણન કરે છે. કોઈને ઘડપણ ગમે નહિ.

એક રાજાની આ વાત છે જેને ઘડપણની બહુ બીક. ઘડપણ આવતું કેવી રીતે હું રોકી શકું તેના સતત વિચારમાં રહે. તે એમ માનતો કે ઘડપણ એટલે આપણે નકામા થઈ જઈએ. સમાજમાં આપણી કોઈ માંગ નહિ કે કોઈ કિંમત નહિ. બધા આપણને તરછોડે અને આપણી દરકાર ન કરે. જો હું ઘરડો થઉં તો મારી પણ આવી જ દશા થશે અને મારી પ્રજા મારું માન રાખશે નહિ.

એટલે જેમ ગૌતમ બુદ્ધનાં માતપિતાએ વિચારેલું કે જો આપણે આપણા બાળકને ઘરડા માણસનું દર્શન ન થવા દઈએ તો તેને ઘડપણનો ખ્યાલ સરખો આવશે નહિ, ઘડપણ એટલે શું તે જાણશે નહિ. એવું જ રાજાએ વિચાર્યું. જો હું મારા રાજ્યમાંથી બધા વૃદ્ધોને દૂર કરું તો લોકોને ઘડપણનો વિચાર ન થાય અને થોડા સમયમાં ઘડપણનો ખ્યાલ મારા રાજ્યમાંથી જતો રહે. એટલું જ નહિ, રાજાનો એ વિચાર કે ઘડપણનો ખ્યાલ મારા મનમાંથી જતો રહે અને મને તેની બીક રાખવી ના પડે.

પણ એવું તે કંઈ થતું હશે? બધાં ઘરડાંને દૂર કર્યાં એટલે કંઈ ઘડપણ જતું રહે? પણ રાજાને તે કોણ સમજાવે? રાજા, વાજાં ને વાંદરાં! તેમનાં ગાંડપણની કોઈ હદ ના હોય. રાજાએ તો હુકમ કરી દીધો, દૂર કરો બધાં ઘરડાંઓને! મારા રાજ્યમાં એક પણ ઘરડું માણસ કે સ્ત્રી ન હોવાં જોઈએ. કાં તો એમને દૂર દૂર એકાંત જંગલમાં મોકલી દો અને જો જવા ન જ માગતાં હોય તો સિપાઈઓને હુકમ કરી દીધો એવાં ઘરડાંઓને ખતમ કરો. રાજાએ સમય આપ્યો એક મહિનાનો. આ મહિનાને અંતે મારા રાજ્યમાં એક પણ ઘરડું ન હોવું જોઈએ.

યુવાન-યુવતીઓને માથે મોટું કષ્ટ આવી પડ્યું. પોતાનાં સગાં માબાપને આમ કેવી રીતે દૂર કરી શકાય? અને જો દૂર ન કરે તો રાજાનો સખત હુકમ તેમને ખતમ કરવાનો. રાજા તેમને ખતમ કરે તેના કરતાં તો તેમને દૂર મોકલી દેવા તે સારું, જો કે કોઈને તે ગમે નહિ. બધાં ઘરોમાં કોઈ ને કોઈ ઘરડું માબાપ હોય. આખા રાજ્યમાં બધાં યુવાન-યુવતીઓએ તૈયારી શરૂ કરી દીધી. માબાપની સગવડ માટે જેટલી બને તેવી ખોરાકપાણીની ને બધી વ્યવસ્થા કરીને મહિનાનો છેલ્લો દિવસ આવે તે પહેલાં તેમને રાજ્યની બહાર દૂર દૂર એકાંતમાં મૂકી આવ્યાં.

રાજાએ મહેલમાં પણ હુકમ કરી દીધો કે રાજમહેલમાં કોઈ ઘરડું માણસ ન જોઈએ અને તેનું પોતાનું ઘડપણ ન દેખાવું જોઈએ. તેના દરબારીઓ જાતજાતના ઉપાય કરવા લાગ્યા કે જેથી રાજાનું પોતાનું ઘડપણ ન દેખાય અને તેમનું પણ ન દેખાય, નહિ તો તેમને પણ દેશનિકાલ થવું પડે.

તે સાથે આખા રાજ્યમાં હાહાકાર મચી ગયો. લોકોનો છાતી ફાડી નાખે તેવો રુદનનો પોકાર રાજમહેલ સુધી પહોંચી ગયો. દરરોજ ટોળાબંધ યુવાનો અને યુવતીઓ રાજા પાસે આવીને કરગરવા લાગ્યાં કે તેમને તેમનાં ઘરડાં માબાપને ઘેર પાછાં લાવવાની પરવાનગી આપવામાં આવે. દરરોજ રોકકળ કરતાં કેટલાંય યુવક-યુવતીઓ રાજાના દરબારમાં રાજા આગળ ધા નાખે. તેમને તેમનાં માબાપ વહાલાં હતાં. માબાપને આમ કંઈ તરછોડી ન દેવાય. માબાપની સંભાળ લેવાની

જવાબદારી બાળકોની જે આ લોકો બરાબર સમજે.

છેવટે રાજા કંટાળ્યો. લોકોની રોજબરોજની ફરિયાદો દૂર કરવાનો તેણે એક ઉપાય શોધ્યો. એવો ચાલાકીભર્યો ઉપાય શોધ્યો કે લોકો બોલતાં બંધ થઇ જાય અને ઘરડા માબાપને ઘેર લાવી પણ ન શકે.

ગામની ભાગળમાં એક વિશાળ વટવૃક્ષ. તે એક સુંદર સરોવરને કાંઠે આવેલું. સરોવરનું પાણી ચોખ્ખું અને ઊંડે સુધી તેનું તળિયું દેખાય. રાજાએ રાજ્યમાં ઢંઢેરો પીટાવી દીધો અને બધા લોકોને જણાવ્યું કે આ સરોવરની તળિયે મેં એક મોટો સોનાનો લોટો ડૂબાડ્યો છે, જે કોઈ યુવક કે યુવતી તે લોટો મને કાઢી આપે તે તેનાં ઘરડાં માબાપને ઘેર પાછાં લાવી શકે. પણ જે કોઈ તે લોટો લાવવાનો પ્રયાસ કરે, પણ તેમાં જો તે સફળ ન થાય તો તેનું ઘર અને બધી મિલકત રાજ્ય તરફથી જપ્ત કરવામાં આવશે.

ગામનાં યુવક-યુવતીઓ ખુશ થઇ ગયાં. આ તો કેટલી સહેલી વાત! લોકો વડના ઝાડની ડાળી પર ચઢીને જુએ છે તો લોટો ચોખ્ખો દેખાય છે. યુવક યુવતીઓની લોટો કાઢવા માટે લાઇન લાગી ગઇ. કોણ પહેલું જાય તેની હુંસાતુંસી થઇ. રાજાએ ચોકીદારો ગોઠવેલા કે જેથી રાજાની પરવાનગી લઇને જ લોટો કાઢવા સરોવરમાં ડૂબકી મારવાની.

લાઇનમાં જે પહેલો તેને વડ પર જવા પરવાનગી મળી. વડની ડાળી પર જઇને જોયું તો લોટો દેખાય છે. પાણી દશ-પંદર ફૂટ જેટલું ઊંડું હતું. પણ ગામના યુવાનો બધા તરવામાં હોશિયાર. ડૂબકી મારતાં પહેલાં લોટાને બરાબર ધ્યાનથી જોઈ લીધો. બરાબર જે જગાએ લોટો હતો તે જગાએ ધ્યાન રાખીને યુવાને મારી ડૂબકી. ગયો છેક સરોવરને તળિયે. પણ પાણી હાલતાંની સાથે લોટો અદૃશ્ય થઇ ગયો. યુવાન લાંબો સમય શ્વાસ રોકીને આખા તળાવનું તળિયું ખૂંદી વળ્યો. લોટો હાથ લાગ્યો નહિ. નિરાશ થઇને છેવટે તળાવની બહાર નીકળ્યો. એક પછી એક કેટલાય યુવાનોએ પ્રયાસ કર્યો. કોઇ સફળ થયો નહિ. વડની ડાળી પરથી લોટો બરાબર ચોખ્ખો દેખાય. પણ ડૂબકી મારતાંની સાથે લોટો અદૃશ્ય થઇ જાય. એક પછી એક પચાસ જેટલા યુવાનોએ પોતાનાં માબાપને ઘેર પાછાં લાવવાની ઝંખનામાં પોતાનાં ઘરબાર ગુમાવ્યાં. રાજા તો ખુશ થઇ ગયો. ઘરડાં માબાપ આવ્યાં નહિ અને રાજ્યનો ખજાનો ભરાવા લાગ્યો.

લીલીથ નામની એક યુવતી બધું જોઇ રહેલી. વિચારવા લાગી આનું રહસ્ય શું છે? ડાળી પરથી લોટો બરાબર દેખાય છે, પણ ડૂબકી મારતાંની સાથે અદૃશ્ય થઈ જાય છે. અઠવાડિયામાં એકાદ વખત ચોરીછૂપીથી ગામનાં કોઇને ખબર ન પડે તેવી રીતે તે ખાવાનું લઈને જંગલમાં તેનાં ઘરડાં માબાપને મળવા જતી હતી. એ રીતે એક મોડી સાંજે તે ગઇ. તેણે બધી વાત પિતાજીને કરી. તળાવને કાંઠે એક મોટો વડલો છે. લોટો વડલાની ડાળી પરથી તળાવને તળિયે દેખાય છે, પણ ડૂબકી મારતાં અદૃશ્ય થઈ જાય છે.

વૃદ્ધનું ડહાપણ! પિતાજીને તરત જ ખ્યાલ આવી ગયો. કહ્યું, લોટો તળાવને તળિયે પાણીમાં છે જ નહિ. દીકરીએ પૂછ્યું, પણ પાણીમાં દેખાય છે તો ખરો! પિતાજીએ સમજાવ્યું, પાણીમાં જે દેખાય છે તે ખરો લોટો નથી. તે તો માત્ર તેનું પ્રતિબિંબ છે. લોટો તો વડના ઝાડની ઊંચી ડાળી પર છે જ્યાં તમારું કોઇનું ધ્યાન ગયું નથી. લોટો ઝાડની ડાળી પર ઊંચે એવી રીતે ઊંધો લટકાવ્યો હશે કે તેનું પ્રતિબિંબ તળાવના પાણીમાં પડે ત્યારે તે સીધો દેખાય. પણ પાણીમાં ડૂબકી મારતાંની સાથે પાણી હાલવાથી લોટાનું પ્રતિબિંબ અદૃશ્ય થઇ જાય. લોટો લેવા પાણીમાં ડૂબકી મારવાની નથી, પણ ઝાડની ટોચ પર ચઢવાનું છે!

ગામના યુવાન-યુવતીઓએ આશા છોડી દીધેલી. ખાલી નિષ્ફળ પ્રયાસ કરીને કોઇ પોતાનાં ઘરબાર ગુમાવવા માગતું નહોતું. તળાવ અને વટવૃક્ષ હવે સૂનું સૂનું થઇ ગયેલું. કોઈની હિંમત ચાલતી નહોતી. રાજા પોતાની ચાલાકી માટે પોતાની પીઠ થાબડતો હતો.

ત્યાં આ લીલીથ તૈયાર થઇ. તે તો બીજે દિવસે વહેલી સવારે દરબારમાં જઇને ઊભી રહી. રાજાને સમાચાર પહોંચ્યા કે કોઇ યુવતી લોટો લેવા તૈયાર થઇ છે. રાજાએ પોતાની પાસે બોલાવીને તેને સમજાવી તને ખબર છે ને કે પચાસ જેટલા યુવાનોએ પ્રયાસ કર્યો પણ સફળ થઇ શક્યા નથી? તને ખબર છે ને જો તું નિષ્ફળ જઈશ તો શું થશે? તારાં માબાપ તો પાછાં આવશે નહિ, પણ તું તારું ઘરબાર અને સઘળી મિલકત ગુમાવીશ.

**અનુસંધાન પાના નં. ૩૪ ઉપર...**



# ન્યાય



સ્ટીવન્સ મેકવાન

જગત પરની પરિસ્થિતિ જોઈને લાગે છે કે, ઈશ્વરનો ન્યાય આવી પહોંચ્યો છે. યશાયા ૨૪:૨૨-૨૩ "જેમ કારાગૃહમાં બંદીવાનોને એકઠા કરવામાં આવે છે, તેમ તેઓને એકઠા કરવામાં આવશે, ને તેઓને બંદીખાનામાં બંધ કરવામાં આવશે, અને ઘણા દિવસ પછી તેઓનો ન્યાય કરવામાં આવશે. ૨૩ ત્યારે ચંદ્રને લાજ લાગશે અને સૂર્ય શરમાશે." આજે પૃથ્વીના લોકોને તેમનાં જ ઘરોમાં બંદીખાનું બનાવીને બંધ કરવામાં આવેલા છે. ઘણા દિવસો વીતી ગયાં છે હજુ કેટલા વીતશે તે ખબર નથી પણ ન્યાય આવી રહ્યો છે. પાંચ મુદ્રાઓ તૂટી ચૂકેલ છે અને ન્યાયની શરૂઆત પ્રકટીકરણ ૬:૧૨ થી થશે. "જ્યારે તેણે છઠ્ઠી મુદ્રા તોડી, ત્યારે મેં જોયું, તો મોટો ધરતીકંપ થયો; અને સૂર્ય નિમાળાના કામળા જેવો કાળો થયો, અને આખો ચંદ્ર લોહી જેવો થઈ ગયો." યશાયાએ ભાખેલ ભવિષ્ય વચન પ્રમાણે સૂર્ય અને ચંદ્રના આ ચિહ્ન દ્વારા ન્યાયની શરૂઆત થશે. મોટો ધરતીકંપ, આ ધરતીકંપની અસરો આકાશ સુધી પહોંચી ગઈ છે. ખાલી સૂર્ય-ચંદ્ર જ નહિ પણ પ્રક. ૬:૧૩ પ્રમાણે "અને જેમ ભારે પવનથી અંજીરી હાલી ઊઠે છે, અને તેના કાચાં ફળ તૂટી પડે છે, તેમ આકાશમાંના તારાઓ પૃથ્વી પર પડ્યા." કેમ કે પ્રભુનું વચન હાગ્ગાય ૨:૬માં જણાવે છે, "કેમ કે સૈન્યોનો ઈશ્વર યહોવા આમ કહે છે : હજી એક વાર થોડી મુદત પછી હું આકાશોને, પૃથ્વીને, સમુદ્રને તેમ જ કોરી ભૂમિને હલાવીશ." જ્યારે ઈશ્વર આ બધું કરશે ત્યારે તેનું એપીસેન્ટર પૃથ્વી પરનું કયું સ્થળ હશે?

હઝકિયેલ પ્રબોધકમાં અધ્યાય ૨૬, ૨૭, ૨૮ તૂર વિષે ભવિષ્ય ભાખેલ છે કે તેનો સંપૂર્ણ નાશ થશે અને તેનો સંપૂર્ણ નાશ થઈ ગયો છે. આજે તૂર પૃથ્વી પર નથી કેમ કે પ્રભુએ કહ્યું હતું કે તું ફરીથી બંધાઈશ નહિ. તૂરનો નાશ એટલા માટે થયો કે તે આખી પૃથ્વી પર વેપાર કરતું હતું અને તેણે તેના વેપારમાં દગો કર્યો હતો. હઝકિયેલનો સત્તાવીસમો આખો અધ્યાય તેના વેપાર વિષે છે. ત્યારબાદ આપણે પ્રક્ટીકરણના અઢારમા અધ્યાયમાં બાબિલોનના વેપાર વિષે અને તેના નાશ વિષે વાંચીએ છીએ. જેમ તૂરની હયાતી નથી તેમ બાબિલોન પણ ફરી કદી જોવામાં આવશે નહિ. આ બાબિલોન એ કયો દેશ છે તે આવનાર દિવસોમાં આપણને ખબર પડશે. જે દર્પણમાં ઝાંખું ઝાંખું દેખાય છે, તે અમેરિકા દેશ હશે એમ જણાય છે. પણ આવનાર સમય તે કહેશે. આ બને તે પહેલાં હઝકિયેલ પ્રબોધકના આડત્રીસ તથા ઓગણચાલીસ અધ્યાયોમાં જણાવ્યા પ્રમાણે રોસ, મેશેખ તથા તુબાલના સરદાર ગોગ, એટલે કે સમગ્ર રશિયા દેશ તેનો નાશ એટલે કે તેનાં લશ્કરો તથા ઈથોપિયા, લીબિયા, પૂર્વ જર્મની, તૂર્કસ્તાન, આર્મિનિયા વગેરે દેશોના અસંખ્ય લશ્કરી જવાનો અને શસ્ત્રોનો નાશ થશે. પણ આ દેશોની હયાતી રહેશે.

પ્રક્ટી. ૬:૧૪ વળી આકાશ વાળી લીધેલા ઓળિયાની પેઠે જતું રહ્યું અને દરેક પહાડ તથા બેટને પોતપોતાને ઠેકાણેથી ખસેડવામાં આવ્યા. તે દિવસે પ્રભુ ઓઝોનના પળને વાળી લીધેલા ઓળિયાની પેઠે નાશ કરશે. સૂર્યનાં પારજાંબલી કિરણો ઓઝોનમાં ગળાઈને આવતાં હતાં તે ગરણી ચાલી જતાં પૃથ્વી પરના રહેવાસીઓની દશા અતિશય ભયંકર થઈ જશે. દરેક પહાડ અને બેટને ખસેડી નાંખવામાં આવશે. અત્યારે ચીન દેશ આખી પૃથ્વી પર સૌથી મોટો વેપારી છે. જેમ તૂર હતું તેમ જ તૂરે જેમ વેપારમાં દગો કર્યો તેમ ચીને વેપાર વધારવા ચાલબાજી કરી તેમ વિશ્વને જણાય છે. અમેરિકા દેશના માનનીય પ્રમુખ શ્રીમાન ટ્રમ્પે તેને ચાઈનીઝ વાયરસ તરીકે ઓળખાવેલ છે. ઈશ્વર બધું જ જાણે છે અને જો હકીકત એ પ્રમાણે જ હશે તો અસંખ્ય મનુષ્યોના મોતનું કારણ બનનાર અને તે પણ પોતાનો વેપાર વધારવા એ બધું કરનાર ચીનનો ન્યાય શું પ્રભુ યહોવા નહિ કરે? આ જે હવે પછી ધરતીકંપ થશે તેનું એપીસેન્ટર એ ચીન દેશ હશે શું? વળી પ્રભુનું વચન કહે

છે દરેક પહાડ અને બેટને તેની જગ્યાએથી ખસેડી દેવામાં આવશે. એનો મતલબ કે હિમાલયને પણ ખસેડી દેવામાં આવશે અને જો એપીસેન્ટર ચીન હોય તો હિમાલય ક્યાં જઈને ઊભો રહેશે તે આપણે જાણતા નથી. આ વખતે ભારતને બહુ મોટી અસર પહોંચશે. આપણો ઈશ્વર એ ન્યાયી ન્યાયાધીશ છે. તે દરેકે દરેક દેશ અને પ્રજાનો ન્યાય કરનાર ઈશ્વર છે. તેમણે પોતાના જ લોકો ઇસ્રાએલનો ન્યાય કરીને પૃથ્વીને વિખેરી નાંખેલ. મિસરનો ન્યાય કરીને તેને પાયમાલ કરી નાંખેલ. તેમ જ વેપારને લીધે હજારોનો જાન લેનાર ચીનનો પ્રભુ ન્યાય કરશે જ કરશે અને આપણે તે જોઈશું. પ્રત્યેક દેશમાં આની ભયંકર અસરો પડશે અને સમસ્ત વિશ્વની પ્રજાઓને ઈશ્વરના ન્યાયશાસનની ખબર પડશે અને તેઓ ઈશ્વરના ન્યાયશાસન આગળથી નાસી જવાનું ઇચ્છશે, છુપાઈ જવાનું ઇચ્છશે અને ગુફાઓમાં, પહાડો અને ખડકોને ઓથે સંતાઈ જશે તથા પોકારશે કે અમારા પર પડો અને રાજ્યાસન પર બેઠેલાની તથા હલવાનના કોપથી અમને સંતાડો કેમ કે તેઓના કોપનો મોટો દહાડો આવ્યો છે અને કોનાથી ઊભું રહેવાય? આવું પોકારનાર લોકો કોણ છે? જગતના રાજાઓ, મોટા માણસો, સેનાપતિઓ, શ્રીમંતો, પરાક્રમીઓ તથા દરેક દાસ તથા સ્વતંત્ર. આ સાત પ્રકારના લોકોમાં પૃથ્વી પરના નવો જન્મ નહિ પામેલા એવા પ્રત્યેક લોકોનો સમાવેશ થઈ જાય છે. જેઓ નવો જન્મ પામેલા છે તેઓને પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું છે, હર વખત જાગતા રહો, અને વિનંતી કરો કે, આ બધું જે થવાનું છે, તેમાંથી બચી જવાને તથા માણસના દીકરાની આગળ ઊભા રહેવાને તમે પ્રબળ થાઓ. (લૂક ૨૧:૩૬) તથા આ વચન પણ (લૂક ૨૧:૧૭-૧૯) વળી મારા નામને લીધે સઘળા તમારો દ્વેષ કરશે. પણ તમારા માથાનો એક નિમાળો પણ નાશ પામશે નહિ. તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો.

આવો, જાગતા રહીએ, પ્રાર્થના કરીએ, ધીરજ રાખીએ, વિશ્વાસ રાખીએ કેમ કે પ્રભુએ કહ્યું છે, "માણસનો દીકરો આવશે ત્યારે પૃથ્વી પર તેને વિશ્વાસ જડશે શું! સાવધાન, ઈશ્વરનો ન્યાય પૃથ્વી પર રેડાવાની શરૂઆત થઈ ચૂકેલ છે. પ્રભુ અમારી સહાય કરો. આમેન ✍

**સ્ટીવન્સ મેકવાન, ન્યૂયોર્ક, યુ.એસ.એ.**

---

## નિરાકરણ

**અનુસંધાન પાના નં. ૧૪ નું ચાલુ...**

કરે છે, તેટલાંને તેમણે ઈશ્વરનાં બાળકો થવાનો અધિકાર આપ્યો" (યોહ. ૧:૧૨; તેમ જ ૧૧:૫૨ અને તેના પત્રમાં ૧ યોહ. ૩:૧,૨; ૨:૧૦; ૫:૨).

પાઉલ પ્રેરિતના પત્રોમાં વિશ્વાસી માટે 'ઈશ્વરના દીકરા' શબ્દો વપરાયા છે (રોમ. ૮:૧૪; ૯:૨૬). પણ બધે દત્તકપુત્રપણાનો અર્થ છે (રોમ. ૮:૨૩; ૯:૪; એફે. ૧:૫). ઈસુ ખ્રિસ્ત મારફતે દરેક વિશ્વાસી ઈશ્વરનું બાળક બને છે, એટલે ઈસુ ખ્રિસ્ત પોતે વિશ્વાસીઓ માટે "મારા ભાઈઓ" શબ્દો વાપરે છે (માર્ક ૩:૩૪; તેમ જ રોમ. ૮:૨૯; હિબ્રૂ ૮:૪). પણ તેથી દરેક વિશ્વાસી ઈસુ ખ્રિસ્તની કક્ષાએ આવી જતો નથી, કે ઈશ્વર સાથે ઈસુ ખ્રિસ્ત જેવા સંબંધમાં આવતો નથી. એક માત્ર ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના પુત્ર છે. ઈસુ ખ્રિસ્ત ઈશ્વરના એકના એક પુત્ર છે!✍

**ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન, યુ.એસ.એ.**

---

**કોરોના મહામારીથી વિશ્વવિપત્તિનો પ્રારંભ**

**અનુસંધાન પાના નં. ૩૧ નું ચાલુ...**

પણ એ બધાં તો દુ:ખોનો આરંભ છે.' (માથ્થી ૨૪:૭). આજે વિશ્વને કોઈ એક સત્તા ચલાવી રહી છે અને તેમાં નર્યાં દુ:ખોનો ત્રાસ! એ સત્તાધારી કોણ છે?

આજના સંદર્ભમાં બંધબેસતું આવે એવું સંત યોહાનનું સંદર્શન: 'હલવાને (પ્રભુ ઈસુ) ૭ માંની પ્રથમ મુદ્રા તોડી તો એક સફેદ ઘોડા પર સવાર હાથમાં એક ધનુષ્ય સાથે વિજેતાની અદાથી જીતવા નીકળી પડ્યો.' પછી હલવાને બીજી મુદ્રા તોડી એટલે લાલ રંગના ઘોડા પર તરવારધારી સવારને પૃથ્વી પરની શાંતિ લઈ લેવાની સત્તા આપવામાં આવી છે. એથી માણસો - એકબીજાને મારી નાખે? (પ્રકટીકરણ ૬:૧-૪). શું શેતાનને આ બાઇબલના ભાવિવચનની ચાવી તો હાથ લાગી નથી ને? કેમ કે તેણે કોરોના દ્વારા માણસને જ માણસનો શત્રુ બનાવી દીધો છે. એથી આપણે સામાજિક અંતર જાળવવા મજબૂર બન્યા છીએ. હવે ઈશ્વરની કૃપાનો સમય એટલે ચર્ચલોકનો સમય સમાપ્ત થતાં સાત વર્ષીય વિપત્તિનો સમય આવશે. શું કોરોના દ્વારા મોટો વિનાશ... એ એની શરૂઆત તો નથી? પ્રભુ ઈસુ વિશ્વને એવા વિનાશથી બચાવે માટે પ્રાર્થના કરીએ.✍

**ડો. બેન્જામીન સુવાર્તિક**

# ગુજરાતની ખ્રિસ્તી મંડળીના આત્મિક ઉત્કર્ષને અર્થે રજૂ કરીએ છીએ...













**જીવન સાહિત્ય ભંડાર, અર્પણ લિટરેચર, ISPCK - CNI બુક સેન્ટર તેમ જ અન્ય ક્રિશ્ચિયન બુકશોપ્સ તથા ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકના એજન્ટ મિત્રો પાસેથી નકલ મળશે.**

# ગુજરાતની ખ્રિસ્તી મંડળીના આત્મિક ઉત્કર્ષને અર્થે રજૂ કરીએ છીએ...




₹ 150/-




₹ 100/-




₹ 100/-




₹ 100/-




₹ 100/-




₹ 50/-




₹ 50/-




₹ 50/-




₹ 50/-




₹ 25/-




₹ 50/-




₹ 100/-

**જીવન સાહિત્ય ભંડાર, અર્પણ લિટરેચર, ISPCK - CNI બુક સેન્ટર તેમ જ અન્ય ક્રિશ્ચિયન બુકશોપ્સ તથા ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકના એજન્ટ મિત્રો પાસેથી નકલ મળશે.**

# વેજીટેબલ અથાણાં



## મિક્ષ વેજિટેબલ અથાણું

**સામગ્રી :** ફ્લાવર - ૫૦૦ ગ્રામ (મોટા ને લાંબા ટુકડામાં કાપેલું - અઢી કપ), ગાજર ૫૦૦ ગ્રામ (પાતળા ને લાંબા ટુકડામાં કાપેલા - અઢી કપ), વટાણા ૨૦૦ ગ્રામ (એક કપ), હિંગ - ૧ થી ૨ ચપટી, સરસિયાનું તેલ - ૧૦૦ ગ્રામ (અડધો કપ), રાઈના કુરિયા - ૨ ચમચા, હળદર - ૧ ચમચી, લાલ મરચું પાઉડર - ૧ ચમચી, વિનેગર - ૧ ચમચો અથવા બે લીંબુનો રસ, મીઠું સ્વાદ પ્રમાણે.

**રીત :** ફ્લાવરના લાંબા મોટા ટુકડા કરો. ગાજર છોલીને ધોઈને લાંબા પાતળા ટુકડા કરો. મોટી તપેલીમાં પાણી ગરમ કરો (બધા શાક ડૂબે તેટલું પાણી લો). પાણી ઉકળે એટલે બધા શાક તેમાં નાંખો. તેમાં એક ચપટી મીઠું નાખો. ૩-૪ મિનિટ ઉકળવા દો. પછી તેને ઢાંકીને પાંચ મિનિટ એક બાજુ ઉપર મૂકો.

હવે શાકમાંથી બધું પાણી ગાળી લો. (તે પાણી ફેંકશો નહિ. તેને ગમે તે શાક અથવા સૂપમાં વેજિટેબલ સ્ટોક (સૂપ) તરીકે નાખશો તો તે શાક અથવા સૂપ સ્વાદિષ્ટ બનશે.) પાણી ગાળ્યા પછી બધા શાક કપડાંથી લૂછીને એક કપડાં ઉપર પંખા નીચે અથવા તડકામાં ૪-૫ કલાક સુધી સુકાવા દો. જ્યારે બધા શાક સુકાઈ જાય ત્યારે તેને મોટા બાઉલમાં કાઢી, તેમાં રાઈના કુરિયા, મીઠું, મરચું, હળદર, તેલ અને હીંગ નાખો અને બરાબર મીક્ષ કરો. તેમાં વિનેગર અથવા લીંબુનો રસ ઉમેરો.

અથાણાને હવે બરણીમાં ભરી લો. દર બે દિવસે એકવાર બરણી ખોલીને અથાણાને મિક્ષ કરો. ૩-૪ દિવસમાં અથાણું ખાટું અને ટેસ્ટી બની જશે. આ અથાણું એક મહિના સુધી ચાલશે. જો વધારે બનાવવું હોય તો તેમાં વધારે તેલ નાખીને અથાણું તેલમાં ડૂબાડૂબ કરવું જોઈએ. તો જ અથાણું વધારે સમય રહેશે.

## કારેલાનું અથાણું

**સામગ્રી :** કારેલા - ૫૦૦ ગ્રામ (૭-૮ મીડિયમ સાઈઝના કારેલા), હીંગ ૧/૪ નાની ચમચી, જીરું - ૨ નાની ચમચી, મેથી દાણા - ૨ નાની ચમચી, વરિયાળી ૪ નાની ચમચી, રાઈના કૂરિયા ૨ નાની ચમચી, હળદર - ૧ નાની ચમચી, લાલ મરચું પાઉડર - એક નાની ચમચી, સંચળ - ૧ નાની ચમચી, સાદું મીઠું - ૩ નાની ચમચી, ગરમ મસાલો - અડધી નાની ચમચી, સરસિયાનું તેલ - ૨૦૦ ગ્રામ (૧ કપ), વિનેગર એક મોટી ચમચી અથવા ૨ લીંબુનો રસ.

**રીત :** કારેલાને ધોઈને કોરા કરો. ઉપર-નીચેથી ડીંટા કાઢી નાખો. તેને ગોળ ગોળ પાતળા પીસમાં કાપો. તેમાં ૧ ચમચી મીઠું નાંખીને ૧ કલાક સુધી મૂકી રાખો. તેમાંથી બધું કડવું પાણી બહાર આવશે. આ મીઠાવાળા કારેલાને ઉકળતા પાણીમાં પાંચ મિનિટ સુધી ઢાંકી રાખો. હવે કારેલાને ગાળી લો અને બે-ત્રણ પાણીએ તેને ધોઈ નાખો. તેને કોરા કરી ૨-૩ કલાક સુધી તડકે અથવા પંખા નીચે કપડાં ઉપર સૂકવવા મૂકો.

હવે એક પાનમાં જીરું, મેથી અને વરિયાળીને શેકી લો. તેને બહાર કાઢી ઠંડું થાય એટલે મિક્ષરમાં ખાંડી અધકચરું કરી લો. તેમાં રાઈના કૂરિયા પણ નાંખો. એક પાનમાં તેલ ગરમ કરી હીંગ નાખી તેમાં કારેલા નાંખો. ગેસ તરત બંધ કરી તેમાં હળદર, મરચું, સંચળ, મીઠું, શેકીને વાટેલો મસાલો બધું બરાબર મિક્ષ કરો. પછી તેમાં ગરમ મસાલો મિક્ષ કરો અને છેલ્લે વીનેગર નાખી મિક્ષ કરો. અથાણાને બરણીમાં ભરી લો. અથાણાને દરરોજ હલાવી મિક્ષ કરો. ચાર દિવસમાં અથાણું સરસ ટેસ્ટી રેડી થઈ જશે. આ અથાણું ૧૫-૨૦ દિવસ સુધી રહેશે જો વધારે રાખવું હોય તો સરસિયું તેલ ગરમ કર્યા બાદ ઠંડું કરી તેમાં રેડવું. અથાણું તેલમાં ડૂબેલું હોવું જોઈએ એટલે બગડશે નહિ.

(નોંધ: અથાણા માટે જે બરણી લો તેને ગરમ પાણીથી બરાબર ધોઈને સાફ કરીને તડકે સુકાવીને એકદમ કોરી કરીને વાપરો. અથાણા વખતે જે વાસણોનો ઉપયોગ કરો તે પણ સાફ હોવા જોઈએ જરાપણ પાણી હોવું જોઈએ નહીં. અથાણું કાઢતી વખતે પણ ચમચો પાણી વગરનો હોવો જોઈએ.)✍

**નીતા બેન્જામીન**



જોસેફ બેન્જામીન



## સતત નિષ્ફળ છતાં અતિસાહસિક સુવાર્તિક

# ઍલન ફ્રાન્સિસ ગાર્ડિનર

એલન ફ્રાન્સિસ ગાર્ડિનરનો જન્મ ૨૮મી જાન્યુઆરી, ૧૭૯૪ના રોજ બર્કશાયર, ઇંગ્લેન્ડમાં થયો હતો. નાનપણથી જ એલનને સાગરકથાઓ, યુદ્ધોની વાતો, અજાણ્યા દેશોની અવનવી વાતો અને સાહસકથાઓમાં ખૂબ જ દિલચસ્પી હતી. મનોમન તેણે નાવિક બનીને વિશ્વભ્રમણ કરવાનો નિર્ણય કરી લીધો હતો. સાગરખેડુઓએ ખૂબ જ હાડમારીઓ અને અછતોનો સામનો કરીને કઠિન જીવન જીવવું પડે છે તે જાણતો હોવાથી કિશોરવયે એલન પથારીને બદલે ફર્શ ઉપર સૂતો હતો. શરીરને ખડતલ બનાવે તેવા તમામ પ્રયત્નો કરતો. નાવિક બનવાનો મક્કમ નિર્ધાર ધરાવતો હોવાથી ચૌદ વર્ષની ઉંમરે તે નાવિક બનવાની તાલીમ આપતી કોલેજમાં દાખલ થઇ ગયો. બે વર્ષમાં તૈયાર થઈને સોળ વર્ષની ઉંમરે જીવનની પ્રથમ સાગર સફરે નીકળી પડ્યો.



થોડાં જ વર્ષોમાં એલને લગભગ આખા વિશ્વના દેશોની સફર કરી. ઇંગ્લેન્ડની રોયલ નેવીમાં સામાન્ય નાવિક પદેથી પ્રગતિ કરીને લેફ્ટનન્ટ અને કમાન્ડરની ઉચ્ચ પદવીઓએ પહોંચી ગયો. મધદરિયે દુશ્મન દેશોના જહાજ સાથે યુદ્ધના અનુભવ પણ એલનને થયા. માર્યા ગયેલા અને મૃત્યુની અણી ઉપર આવેલા નાવિકોને જોઈને તેનું હૃદય દ્રવી ઊઠતું. મનની શાંતિ માટે તેણે ખાનગીમાં એક બાઈબલ ખરીદ્યું હતું. એકલો હોય ત્યારે એલન પ્રભુનાં વચનો વાંચતો. ઈ.સ. ૧૮૨૦માં એલન જ્યારે ચીન દેશમાં પીનાંગ બંદરના એક ચીની મંદિરમાં મૂર્તિપૂજાની વ્યર્થતા જોઈને દુ:ખી થઈ રહ્યો હતો ત્યારે જ તેને તેની વહાલી માના મૃત્યુના સમાચાર મળ્યાં. એંગ્લીકન મંડળીના ધાર્મિક વાતાવરણમાં ઊછર્યો અને કિશોરાવસ્થામાં પ્રભુ ઈસુનો સ્વીકાર

કર્યો હોવા છતાં વિશ્વાસમાં પાછા પડી ગયેલા એલનને એ ચીની મંદિરમાં તારનાર ઈસુ યાદ આવ્યા. માતાના મૃત્યુના શોકમાં પ્રાર્થના દ્વારા તેને સાંત્વન પ્રાપ્ત થયું. ત્યાં ને ત્યાં જ તેણે ફરી એકવાર પોતાનું જીવન પ્રભુ ઈસુને સોંપીને તારણનો હર્ષ પાછો મેળવ્યો. ત્યારબાદની સફરોમાં સાથી નાવિકોને પોતાની સાક્ષી આપીને એલને ઘણા આત્માઓ જીત્યાં. ૧૮૨૬માં એલને રૉયલ નેવીની નોકરી છોડી દીધી.



ગાર્ડિનરની દીકરી જૂલિયાની કબર

દરમ્યાન ૧ લી જુલાઈ, ૧૮૨૩ના રોજ એલને જૂલિયા સુસાન્ના નામની યુવતી સાથે લગ્ન કર્યાં. તેમને પાંચ બાળકો થયાં. ચાર દીકરીઓ અને એક દીકરો. એલને દીકરાનું નામ પણ પોતાના નામ ઉપરથી 'એલન ડબલ્યુ. ગાર્ડિનર' પાડ્યું. સૌથી મોટી દીકરીનું નામ પત્નીના નામ ઉપરથી જૂલિયા આપ્યું. ૧૮૩૪માં જૂલિયાનું મૃત્યુ થયું. એલનને મિશનેરી તેડું મળી ચૂક્યું હતું અને દક્ષિણ અમેરિકાના વિવિધ દેશોના જંગલી આદિવાસીઓમાં મિશનેરી કાર્ય કરવાનો તેને ઘણો બોજ હતો. તે સમયની અનેક મિશન સંસ્થાઓને એલને પોતાને મિશનેરી કાર્યને સારુ દક્ષિણ અમેરિકા મોકલવા વિનંતીઓ કરી પણ એકેય સંસ્થાએ તેની અરજી માન્ય રાખી નહીં. બધી જ સંસ્થાઓ દીક્ષિત મિશનેરીનો આગ્રહ રાખતી હતી. એલન લેમેન હતો પણ કોઈ દિક્ષીત પાળકથી જરાયે ઉતરતો નહોતો. આત્માઓ જીતવાનો તેનો બોજ અને પાકી ચૂકેલી ફસલને લણી લેવાની તેની ઝંખના અદમ્ય હતી. પણ મંડળીઓ - સંસ્થાઓના જડ નિયમો સામે તે નિષ્ફળ ગયો અને તેનું કશુંયે ઊપજ્યું નહીં. દક્ષિણ અમેરિકાના તેના દર્શન અને તેડા સામે મિશનેરી સોસાયટીઓ અંતરાયરૂપ બની ગઈ.

એલને હંગામી વિકલ્પરૂપે દક્ષિણ આફ્રિકાની ઝુલુ જાતિ મધ્યે સુવાર્તાની સેવા કરવાનો નિર્ણય કર્યો. ઝુલુ જાતિના નાયકને ખ્રિસ્ત માટે જીતવાનો મનસૂબો કરીને એલને ઝુલુ રાજા ડિંગરાનનો સંપર્ક કર્યો. રાજાનો વિશ્વાસ જીતીને એલને સતત એકબીજા સાથે લડતી સ્થાનિક જંગલી જાતિઓ વચ્ચે સુલેહ કરાવી. રાજા ડિંગરાન અને ઈંગ્લેન્ડ વચ્ચે પણ શાંતિ કરારો કરાવ્યા અને મિશનેરી સેવાને સારુ દક્ષિણ આફ્રિકાનાં દ્વારો ખોલ્યાં, ટૂંકા ગાળામાં એલને આ અનોખી મિશનેરી સફળતા મેળવી.

ઈંગ્લેન્ડની ટૂંકી મુલાકાત દરમ્યાન ૭મી ઑક્ટોબર, ૧૮૩૬ના દિવસે પોતાના કરતા અડધી ઉંમરની યુવતી એલિઝાબેથ લિડિયા સાથે એલને બીજા લગ્ન કર્યાં. એલનની ઉંમર બેંતાળીસ વર્ષ હતી જ્યારે એલિઝાબેથ એકવીસની હતી. લગ્ન બાદ કુટુંબ સાથે દક્ષિણ આફ્રિકા પરત જવા નીકળ્યાં. એલિઝાબેથ ઉંમરમાં નાની હોવા છતાં એલનનાં પાંચ બાળકોની 'મા' બનવામાં સફળ રહી. દક્ષિણ આફ્રિકા પહોંચતા જ એલનની સૌથી મોટી પુત્રી જૂલિયા મરણ પામી. એલન માટે આ એક અતિશય દુઃખદ બનાવ હતો. એલન તથા એલિઝાબેથે એક મિશનેરી યુગલ તરીકે અંગ્રેજ સરકારમાં કામ કરતાં અધિકારીઓ તેમ જ ઝુલુ જાતિ મધ્યે સુવાર્તાની સેવા આપી. ઝુલુ બાળકો માટે તેમણે એક શાળા સ્થાપી. આ સમયગાળામાં જ હાલનું જે ડર્બન શહેર છે તેની રચના અને આયોજન એલને કર્યું. ડર્બન શહેરનો પાયો નાખનાર તરીકે એલન ગાર્ડિનરને બિરદાવતો શિલાલેખ આજે પણ ડર્બન શહેરમાં જોવા મળે છે.

દરમ્યાન સાઉથ આફ્રિકામાં વસેલા ડચ વસાહતીઓ


ડર્બન શહેરની રચના

અને સ્થાનિક ઝુલુઓ વચ્ચે ભીષણ યુદ્ધ ફાટી નીકળ્યું. કડવાશના વાતાવરણમાં મિશનેરી સેવાદ્કાર્યને આગળ વધારવું એલનને અશક્ય લાગ્યું. કાયમી ધોરણે મિશનેરી કાર્ય સ્થાપવામાં કેટલાંયે વર્ષો નીકળી જશે તેવું એ અંધાધૂંધ પરિસ્થિતિમાં એલનને લાગ્યું. મિશનેરી કાર્ય અધૂરું છોડીને ત્યાંથી ચાલ્યા જવાની ફરજ એલનને પડી. નિષ્ફળતા મળ્યા છતાં તેનો જુસ્સો અકબંધ રહ્યો.




એલન ગાર્ડિનરને પોતાનું મૂળ સ્વપ્ન અને તેડું એટલે કે દક્ષિણ અમેરિકાની મૂળ જાતિઓ યાદ આવી. કુટુંબ સાથે તે દક્ષિણ અમેરિકા જવા રવાના થયા. આ અંગે એલને નોંધ કરી છે કે, "ઝુલુઓ મધ્યે કાર્ય કરવાની શક્યતાઓ નહિવત્ હોવાથી અમે નિરાશ છીએ પણ ભાંગી પડ્યા નથી. આ પૃથ્વી ઉપર આપણા ઉદ્ધારકના રાજ્યની વૃદ્ધિને સારુ મદદરૂપ થાય તેવું કોઈપણ કાર્ય કરવાની પરવાનગી ઈશ્વરે આપી છે માટે અમે તેમના આભારી છીએ."

ઈ.સ. ૧૮૩૮ના જૂન માસમાં એલન ગાર્ડીનર તથા કુટુંબ રીઓ ડી જેનેરીઓ પહોંચ્યું. અહીં તેમણે મિશનેરી કથાઓમાં મળી આવતી કઠિન મુસાફરીઓની અમરગાથાઓમાંની એક એવી અતિ વિકટ મિશનેરી સફરની શરૂઆત કરી. ખચ્ચરો ઉપર સામાન લાદીને આખા દક્ષિણ અમેરિકા ખંડને પાર કરવાની મુસાફરી જમીન માર્ગે શરૂ કરી. રીઓ થી સેન્ટીઆગો સુધીની આ સફરમાં કાતિલ એન્ડીઝ પર્વતમાળા તથા ભારે વરસાદી ખતરનાક ઊંચા પ્રદેશો, રણવિસ્તારો અને દુર્ગમ સ્થાનો તેઓએ પસાર કર્યાં. અગાઉ રોયલ નેવીની સાગરયાત્રાઓ દરમ્યાન એલને આ ખંડની અનેક સ્થાનિક આદિજાતિઓ જોઈ હતી. સફર દરમ્યાન તેમને શોધીને ખ્રિસ્તની કૃપામાં લાવવાની ઈચ્છા એલન ધરાવતો હતો. સેન્ટીઆગો પહોંચીને એલન તથા કુટુંબ દક્ષિણ તરફ ગયું. એલન જેમને શોધતો હતો તે જાતિઓ તેમને ચીલી દેશના કન્સેપ્શીયન તથા વાલ્ડીવિયા નામનાં સ્થળોએ મળી આવી. વાલ્ડીવિયામાં કુટુંબને વસાવીને એલન દક્ષિણ દિશામાં વધુ ઊંડાણમાં ગયો. ખ્રિસ્તથી વિમુખ અને બિલકુલ અમાનવીય અવસ્થામાં જીવતી અનેક આદિજાતિઓ એલનને મળી આવી. એલને તેઓ સાથે હળવામળવામાં અને સંબંધ બાંધવામાં પણ સફળતા મેળવી. પરંતુ આસપાસનાં શહેરોમાં મથક ધરાવતા રોમન કેથલિકોએ એલનને આ લોકો મધ્યે વસવા ન દીધો. આવી જાતિઓ સમક્ષ સુવાર્તાપ્રચાર કરવો તે વાનરજાતિઓને સુવાર્તા આપવા બરાબર છે એમ કહીને તેમણે એલનને ત્યાંથી હાંકી કાઢ્યો. દક્ષિણ અમેરિકામાં પ્રથમ પ્રયાસે નિષ્ફળતા મળી.

ચીલી દેશમાંથી એલન ન્યુ ગીની ગયો. ત્યાં પણ તેને અવરોધવામાં આવ્યો. ન્યુ ગીનીમાં ડચ પ્રોટેસ્ટંટ સરકાર હતી તેમ છતાં એલનને પરવાનગી મળી નહી. સરકારે કહ્યું કે આ આદિજાતિઓ કદીયે સુધરશે નહીં માટે તેમને તેમના હાલ ઉપર જ છોડવી વધુ યોગ્ય છે. એલને દલીલ કરી કે "આ લોકો માનવીઓ છે, જાનવર નથી અને આપણા ઉદ્ધારક ઈસુના આદેશ અનુસાર આપણે એકેએક માનવીને સુવાર્તા પ્રચાર કરવાનો છે." સત્તાધારીઓએ એલનની દલીલ ફગાવી દીધી અને તેને કાઢી મૂક્યો. ન્યુ ગીનીનો પ્રયાસ પણ નિષ્ફળ ગયો.

એલન ગાર્ડીનર વેકેશન ગાળવાના અને પોતાના અનુભવોનું પુસ્તક લખવાના હેતુસર દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેરમાં પાછો ફર્યો. થોડા સમય બાદ ફરી એકવાર તે ચીલી દેશમાં પરત ફર્યો પણ રોમન કેથલિક મંડળીએ તેની સામે અવરોધો ઊભા કરીને તેને હાંકી કાઢ્યો.

હતાશ એલને હવે પેટાગોનિયા નામથી ઓળખાતા દક્ષિણ અમેરિકાના સૌથી નીચેના વિસ્તાર ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. આ પ્રદેશનો અમુક ભાગ આર્જેન્ટીના દેશમાં અને અમુક ભાગ ચીલીમાં આવતો હતો. અહીં રણપ્રદેશો, એન્ડીઝ પર્વતો, ઢોળાવો અને ઘાસનાં

વિશાળ મેદાનો હતાં. પૂર્વ બાજુ એટલાન્ટિક અને પશ્ચિમ બાજુ પેસિફિક સમુદ્રકાંઠાઓ હતાં. પશ્ચિમ તરફ ટીએરા ડેલ ફ્યુગો દ્વીપસમૂહ આવેલો છે. આ દ્વીપસમૂહથી થોડે દૂર આવેલા ફોકલેન્ડ ટાપુઓને કેન્દ્ર બનાવીને પેટાગોનિયામાં સુવાર્તિક સેવાઓ વિસ્તારવાનો નિર્ણય એલને લીધો. એક વર્ષ સુધી એલન પોતાના કુટુંબ સાથે ફોકલેન્ડ ટાપુઓ ઉપર રહ્યો. આ સમયગાળામાં તેણે એક પેટાગોનિયન જાતિના નાયક સાથે મિત્રતાભર્યો સંબંધ કેળવ્યો. સુવાર્તાક્ષેત્ર તૈયાર હોવાથી બધી જ મિશનેરી સોસાયટીઓ રસ લેશે અને સહકાર આપશે તે આશા સાથે એલન કુટુંબસહિત ઈંગ્લેન્ડ પરત ફર્યો. પરંતુ એક પણ મિશન સંસ્થાએ પડકાર ઝીલ્યો નહીં. આથી એલને પોતે જ 'ધી પેટાગોનિયન મિશન' નામની મિશનેરી સંસ્થા સ્થાપી. રોબર્ટ હન્ટ નામના અતિ ઉત્સાહી યુવાન મિશનેરીને લઈને એલન ૧૮૪૪માં પેટાગોનિયા પાછો ફર્યો.

જે આદિજાતિનો નાયક અગાઉ મિત્રતાભર્યો વ્યવહાર કરતો હતો અને સહકાર આપે તેવો લાગતો હતો તેનો વ્યવહાર એલન પ્રત્યે અચાનક બદલાઈ ગયો. તે એલન સાથે કઠોરતાથી વર્ત્યો જેથી એલન તથા રોબર્ટે એ ક્ષેત્ર છોડી દેવું પડ્યું. તેમને લૂંટી લેવામાં આવ્યા અને એક બ્રિટિશ જહાજે બચાવીને તેમને પહેરેલ કપડે ઈંગ્લેન્ડ ભેગા કર્યા. ફરી એકવાર નિષ્ફળતા!

વધુ આવતા અંકે...

**જોસેફ બેન્જામીન**

❖ ❖ ❖





# પિતા-એક જીવન



પિતા એ કોઈ શબ્દ નથી... જવાબદારી છે. એક જીવન છે, પ્રેમમાં કુટુંબ માટે પોતાનું બધું જ ઇચ્છા, શોખ અને આંકાક્ષાઓને ત્યાગ કરતું એક જીવન છે. પિતા આખા જીવન દરમિયાન દુનિયાના ઘા સહે પણ પરિવાર માટે ઢાલની જેમ બનીને ખીલેલા ફૂલ જેવા આનંદમાં રહે.

માતા-પિતા જોડકો શબ્દ કહી શકાય. માતાનું કામ દેખાય, પિતાનું કામ બોલે, માતા નદીનું સરનામું છે તો પિતા પર્વતનું શિખર છે. માતા વિષે ખૂબ લખાયું છે. પિતા વિષે સ્વયં પિતા પણ મૌન છે. પિતાનો હાથ દુનિયાની કાળઝાળ ગરમી વચ્ચે માથા પર છાંયડાની સમાન હોય છે. પિતાનો હાથ ઈશ્વરના હાથની સમાન હોય છે. જે માત્ર આપવા જાણે છે.

"પિતા" વિષે બાઇબલ આ પ્રમાણે કહે છે.

- કેમ કે જેમ પિતા પોતાના માનીતા પુત્રને ઠપકો દે છે તેમ યહોવા જેના પર પ્રેમ રાખે છે તેને ઠપકો દે છે. નીતિ. ૩:૧૨.
- જે સોટી મારતો નથી તે પોતાના દીકરાનો વૈરી છે પણ તેના પર પ્રીતિ કરનાર તેને વેળાસર શિક્ષા કરે છે. નીતિ. ૧૩:૨૪.
- મારા દીકરા તારા બાપની આજ્ઞા પાળ અને તારી મા ની શિખામણનો ત્યાગ ન કર. નીતિ. ૬:૨૦.
- છોકરાઓ, પ્રભુમાં તમારા મા-બાપની આજ્ઞાઓ માનો કેમ કે એ યથાયોગ્ય છે. એફેસી ૬:૧.
- શિખામણને મજબૂત પકડી રાખ. તેને છોડતો નહીં તેને સંઘરી રાખ કેમ કે તે તારું જીવન છે. નીતિ. ૪:૧૩.

પિતા અને પુત્ર કાર હંકારી રહ્યા હતા. થોડેક આગળ જતાં દીકરાએ પિતાજીને કહ્યું, ગાડી પાછળ વાળવી પડશે. સામે રસ્તો બંધ છે તેવું પાટિયું લટકાવેલું છે. પિતા બોલ્યા, બેટા આપણે પાછા વળવા મુસાફરી શરૂ કરી નથી. આપણે નક્કી કરેલાં સ્થળે પહોંચવાનું જ છે. 'જીવન એટલે ડાયવર્ઝન' જુદી વ્યવસ્થાની શોધ અને ઉપયોગ એ જિંદગીની સફળતાનું રહસ્ય છે. સામે પેલો ખરબચડો માર્ગ આપણને સાદ કરી રહ્યો છે. તેથી ગાડી સહેજ રિવર્સ લઈ સામે દેખાતા ખરબચડા માર્ગ તરફ લઈએ. કેડીનો એક જ સંદેશો હોય છે વિઘ્ન આવે તો વળાંક શોધો. ને આમ, પિતા-પુત્ર નક્કી કરેલ સ્થળે પહોંચી ગયા.

નીતિ. ૪:૧ દીકરાઓ, બાપની શિખામણ સાંભળો અને બુદ્ધિ મેળવવાને ધ્યાન દો. બાઇબલનાં ઉત્તમ વચનોમાં આવી ઘણી બધી સમજ ઈશ્વર પિતા દ્વારા આપણને આપવામાં આવી છે. જગત પરના જીવતા જીવનમાં ગમે ત્યારે મુશ્કેલ પરિસ્થિતિઓ આવવાની છે અને તે જ સમયે પ્રભુ પિતા દ્વારા બતાવેલા સારાં વચનો અને શિખામણો તરફ નજર ફેરવીને જીત દેખાડવી જ રહી. તો જ સાચા ખેલાડી તરીકે પુરવાર થઈશું. નીતિવચનના પુસ્તકમાં વારંવાર એક વાક્ય ઘણી વખત લખેલું જોવા મળે છે. "મારા દીકરા, મારાં વચનો પાળ, મારા દીકરા મારા જ્ઞાન તરફ લક્ષ્ય આપ." આ "મારા દીકરા" એ ઈશ્વર પિતા તરફથી આપણ સૌને સંબોધન કરેલ વાક્ય છે. જેના તરફ આપણે ધ્યાન આપવું જ રહ્યું. પિતા પોતાનાં સંતાનોનું ભલું જ ઇચ્છતા હોય છે. પ્રભુ ઈસુ નિષ્કલંક હોવા છતાં માનવજાત માટે મરણ પામ્યા. જે એક સત્ય હકીકત જગતમાં પુરવાર થઈ. તે સમજવી જ રહી. આપણે સૌ આપણાં જગત પરના પિતાને માન આપીએ, તેમનું સન્માન કરીએ અને તેમના લાંબા આયુષ્યની પ્રાર્થના કરીએ.✍

**જયપ્રકાશ ડી. રોય, નડિયાદ**

❖ ❖ ❖

# કોરોના લોકડાઉનનો સમય : ટેવોમાં /આદતોમાં પરિવર્તન લાવવાનો સમય



ડો. સોલોમન ક્રિશ્ચિયન

**ના**નપણમાં મારાં માતા-પિતા સારી વસ્તુઓ હમેશાં પૂરી પાડતાં હતાં. આ વસ્તુઓ જ્યાં સુધી જર્જરિત ન થાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવાની ટેવ મને નાનપણથી પડી હતી. અમેરિકા જેવા દેશમાં રહેવા છતાં આ ટેવ ચાલુ રહી હતી. પગમાં પહેરવાનાં મોજામાં જ્યાં સુધી મોટાં કાણાં ન પડે ત્યાં સુધી મોજાં પહેરવાની આ ટેવ હતી અને તેમાં સમય મુજબ મેં કરેલાં પરિવર્તનને હું કદી વીસરી નહીં જઉં.

સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ (૯/૧૧) ના બનાવ પછી એરપોર્ટ પર બુટ કાઢવાના અને જાહેરમાં મોજાનાં કાણાં બતાવવાના તે યોગ્ય ન કહેવાય. પરિણામે આ ટેવમાં પરિવર્તન લાવવાની જરૂરિયાત મને જણાઈ. આથી કરીને આ ટેવની જગ્યાએ એક નવી ટેવ અપનાવવી. જેનાં મુજબ પગના મોજાંની તપાસ હંમેશાં કરવી અને જરૂરિયાત મુજબ નવાં મોજાં લાવવાનાં. કોરોના લોકડાઉનનો સમય તે આપણી ટેવોમાં/આદતોમાં પરિવર્તન લાવવાનો સમય છે.

**કોરોના વાયરસના હુમલાથી કેવી રીતે બચીશું ?**

કોરોના વાયરસના હુમલાથી કોણ બચાવશે? આથી ઉદ્‌ભવેલા ભૂખમરામાંથી કોણ બચાવશે? આવી પડેલ આ આર્થિક પરિસ્થિતિથી આપણને કોણ બચાવશે? બાઈબલ સ્પષ્ટ રીતે કહે છે કે "તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો." લૂક ૨૧:૧૯ આ ધીરજની સ્પષ્ટતા યાકૂબના પત્રમાં કરવામાં આવી છે. યાકૂબ ૫:૭-૧૧માં લખવામાં આવ્યું છે કે "પ્રભુના આવતાં સુધી તમે ધીરજ રાખો." યાકૂબ વધારે ઊંડાણમાં જતા "ધીરજ"ની સ્પષ્ટતા કરી ત્રણ ઉદાહરણ આપે છે. જે કોરોના લોકડાઉનના સમયમાં આ વિશેનું મનન આપણને ઘણું ઉપયોગી થઈ પડશે. જેનાથી આપણે આપણી નાની મોટી ટેવોમાં પરિવર્તન લાવી પ્રભુમાં આનંદિત જીવન જીવી શકીએ માટે પ્રભુ આપણ સૌને શક્તિમાન બનાવે.

**પ્રભુના આવતાં સુધી તમે ધીરજ રાખો.**

પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમનની વાતો ઘણા સમયથી થાય છે. છતાં પણ દુનિયા/વિશ્વભરમાં થતાં બનાવો દ્વારા આપણે કહી શકીએ છીએ કે આ સમય/પ્રભુનો સમય ઘણો નજદીક છે. યાકૂબ જણાવે છે કે "ખેડૂત ખેતરમાં થનાર મૂલ્યવાન ફળની રાહ જુએ છે, અને પહેલો તથા છેલ્લો વરસાદ થાય ત્યાં સુધી તે ધીરજ રાખે છે." યાકૂબ ૫:૭ યાકૂબ ઈઝરાયેલ દેશની આબોહવાને ધ્યાનમાં રાખી આ ઉદાહરણ આપે છે. ઈઝરાયેલમાં પ્રથમ વરસાદ મધ્ય ઓક્ટોબરથી મધ્ય નવેમ્બર સુધીમાં આવે છે, અને છેલ્લો વરસાદ એપ્રિલ અથવા મે મહિનામાં પડે છે. પ્રથમ વરસાદથી છેલ્લો વરસાદ સુધીનો સમય ગાળો છ મહિનાનો/માસનો છે. આ છ મહિના/માસ પૂરા થયા બાદ ફસલ જોવા મળે છે.

ફસલની રાહ ખેડૂત ઘણી ધીરજથી જુએ છે. ઉતાવળ કરવાથી ફસલનો સમય જલદીથી આવતો નથી. પ્રભુના આવવાનો સમય નજદીક છે, પણ તેની વાટ ધીરજથી જોવાની જરૂર છે. વળી, ધીરજ ધરાવતાં બડબડાટ અથવા ફરિયાદો કરવાની જરૂર નથી ૨ પિત્તર ૩:૩-૯ મુજબ પ્રભુનું આગમન થયું નથી. કારણ કે, પ્રભુ ધીરજથી અવિશ્વાસુઓની રાહ જોઈ રહ્યા છે કે તેમનું બદલાણ થાય અને તેઓ નાશમાંથી બચી જઈ શકે, અનંત જીવન પ્રાપ્ત કરે. જો પ્રભુ ધીરજ રાખી શકે છે તો આપણે આ દિવસોમાં કેમ ધીરજ ના રાખીએ?

**દુઃખ સહન કરવામાં ધીરજ રાખો**

આગળ વધતાં યાકૂબ પ્રબોધકોનું ઉદાહરણ આપે છે. જેમ પ્રબોધકોએ ધીરજથી દુઃખ સહન કર્યાં તે પ્રમાણે યાકૂબ આપણને કોરોના લોકડાઉનના સમયમાં ધીરજથી દુઃખ સહન કરવા માટે આહ્‌વાન આપે છે. બાઈબલમાં ઘણા બધા પ્રબોધકોનાં જીવનમાંથી આ બાબતની પ્રેરણા મળે છે. હિબ્રૂ ૧૩:૩૬-૩૭ મુજબ પ્રબોધકો ઘણી મુશ્કેલીઓમાંથી પસાર થયા હતા. જેમ

કે, યર્મિયા પ્રબોધકને યહોવાએ લગ્ન કરવાની ના પાડી હતી.(યર્મિયા ૧૬:૧), તેને મારવામાં આવ્યો અને કારાગૃહના ભોંયરામાં નાખવામાં આવ્યો હતો. યર્મિયા ૩૭:૬; તેને સાંકળોથી બાંધવામાં આવ્યો હતો. યર્મિ. ૪૦:૧, પરંતુ યહૂદી રાજાઓ દ્વારા મળેલ શિક્ષા ઘણી કપરી હતી. પ્રભુએ આ સર્વમાંથી અજાયબ રીતે છુટકારો પામવાનો પ્રબંધ કર્યો હતો. પરદેશી નબૂખાદનેસ્સાર રાજાનો ઉપયોગ કરી યર્મિયાને પ્રભુએ અજાયબ રીતે આ સર્વ બાબતોમાંથી છુટકારો આપ્યો હતો.

આ સાથે યાકૂબ બીજું ઉદાહરણ અયૂબના જીવનનું આપે છે. ધનાઢ્ય અયૂબના જીવનની પરીક્ષાની યોજના સ્વર્ગમાં યહોવા પ્રભુ અને શેતાનના વાર્તાલાપ દરમ્યાન થાય છે. યહોવા પ્રભુ કહે છે કે, "પૃથ્વી પર તેના જેવો નિર્દોષ તથા પ્રામાણિક ઈશ્વર ભક્ત તથા દુષ્ટતાથી દૂર રહેનાર બીજો કોઈ પુરુષ નથી." આ સાંભળીને શેતાને યહોવાને આહવાન આપ્યું કે, "તમારો હાથ લંબાવીને તેનાં સર્વસ્વને સ્પર્શ કરો, એટલે તે તમારે મોઢે ચઢીને તમારો ઇનકાર કરશે." (અયૂબ ૧:૧૧) આ પછી અયૂબની દુ:ખી દાસ્તાનનો અંત આવતો નથી. તેના ત્રણ મિત્રો પણ તેની દુ:ખી દશા જોઈને તેને યહોવાના નામને શાપિત કરવાની સલાહ આપે છે. આવી પરિસ્થિતિમાં અયૂબ સચોટ વિશ્વાસથી કહે છે "તે મને મારી નાંખશે, તોપણ હું તેમની રાહ જોઈશ" (૧૩:૧૫) "હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે." (૧૯:૨૫) છેવટે અયૂબ કહે છે કે "પરંતુ મારી ચાલચલગત તે જાણે છે, મને તે પારખશે ત્યારે હું સોના જેવો નીકળીશ" (૨૩:૧૦). અહીં આપણે જોઈએ છીએ કે અયૂબ જીવન-મરણના પ્રસંગોમાંથી પસાર થાય છે. અને, મક્કમ વિશ્વાસથી જાહેર કરે છે કે, આ સતાવણી બાદ હું શુદ્ધ સોનાની માફક નીકળીશ. અયૂબના પ્રશંસનીય ચારિત્ર્યને ધ્યાનમાં રાખી અંતમાં પ્રભુ અયૂબને બમણા આશીર્વાદથી ભરપૂર કરે છે. (૪૨:૧૨)

કોરોના લોકડાઉનથી કામધંધામાં મંદી, નાણાંની અછત, ખાદ્યસામગ્રીની અછત, બીજી વખત/ટંકનું ખાવાનું ક્યાંથી આવશે તેની અનિશ્ચિતતા. આ સર્વ દુ:ખિત બાબતોમાં ધીરજ રાખવાની જરૂર છે. ફક્ત ધીરજથી રાખેલા વિશ્વાસ દ્વારા આપણો બચાવ થઈ શકશે/શકે છે.

**સહન કરવામાં ધન્યતા છે**

માથ્થી ૫:૧૧-૧૨ માટે મુજબ સતાવણીના દિવસો બાદ ધન્યતા જોવા મળે છે. આ વચનની ખાત્રી પ્રકટીકરણ ૨૧:૩-૪ માં જોવા મળે છે. પ્રભુના પુનરાગમનમાં ઈશ્વર આપણી સાથે વાસો કરશે... આપણી આંખોમાંનું દરેક આંસુ લૂછી નાખશે. મરણ ફરીથી થનાર નથી. તેમ જ શોક કે રુદન કે દુ:ખ ફરીથી થનાર નથી. આ આશીર્વાદિત થવું તે અને આનંદિત થયા બરાબર છે. આનંદિત થયાની આ લાક્ષણિકતાની ખાત્રી પ્રભુ આપણને કોરોના લોકડાઉનના સમયમાં આપી રહ્યાં છે.

પગનાં મોજાં જર્જરિત થાય, કાણાં પડે ત્યાં સુધી પહેરવાં તે કોઈ કુટેવ નથી, પરંતુ આવી નાની મોટી ટેવોમાં યોગ્ય સમયે પરિવર્તન લાવવું તે જરૂરી અને આવકાર્ય છે. પ્રભુએ આપણને કોરોના લોકડાઉનનો સમય આપ્યો છે, જેમાં આપણે ચિંતન પ્રધાન બનીને આપણી નાની-મોટી ટેવોની ચકાસણી કરી તેમાં જરૂરી અને યોગ્ય પરિવર્તન લાવી પ્રભુની ઇચ્છા મુજબનું જીવન જીવીશું તો જ આપણે આપણા જીવનને બચાવી શકીશું.

**થોડી ઘણી ટેવોનો સંગ્રહ :**

કુટુંબ સાથે એકત્ર થઈ કૌટુંબિક પ્રાર્થનામાં જોડાવાની ટેવ.

પતિ-પત્ની તરીકે એકબીજાની સાથે વધારે સમય કાઢી નિકટ આવવાની ટેવ.

બાળકોના જીવનમાં રસ લઈ તેમની સાથે આનંદમય સમય ગાળવાની ટેવ.

આપણાં શરીરોને જાગૃત રાખી તંદુરસ્ત રાખવાની ટેવ.

મિત્રો સાથે હળીમળીને એકબીજાને ઉત્તેજન આપવાની ટેવ.

જરૂરિયાત પૂરતી વસ્તુઓ રાખીને, વધારાની વસ્તુઓ જરૂરિયાતવાળા લોકોને આપવાની ટેવ.

એકબીજાને વિવિધ રીતે મદદરૂપ થવાની ટેવ.

પ્રભુનાં કાર્યમાં તન, મન અને ધનથી જોડાવાની ટેવ.

**ડો. સોલોમન ક્રિશ્ચિયન, યુ.એસ.એ**

✦ ✦ ✦

HAPPY
Fathers
DAY

# પિતૃદિન



... જ્યારે બહારવટિયો બદલાઈને બાપ બન્યો ...

**સૌ** રાષ્ટ્રમાં કેટલેક સ્થળે બહારવટિયાની બોલબાલા અને બીક રહેતી હતી. વટેમાર્ગુઓ ગભરાતા હતા. તેઓ આવા માર્ગેથી ફંટાઈ ગયા હતા. આ લૂંટારાઓ લોકોને લૂંટી લેતા હતા એ વાત સાચી, પરંતુ તેઓ બહેન-દીકરીઓની ઈજ્જત પર દાનત બગાડતા ન હતા. એ તેઓની ચારિત્રિક વિશેષતા હતી.

આવા માહોલમાં એક કન્યા લગ્ન કરીને તેની સાસરીના ગામે - ઘેર આવી. તેણે કિંમતી અને સુંદર કલાત્મક વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. તેના શરીરનાં જે અંગોમાં આભૂષણો પહેરાય તે બધાં જ અંગો સુવર્ણ અલંકારોથી લદબદ અને ભરચક હતાં.

બીજે દિવસે તેનો પતિ ખેતરમાં ગયો. સાસુએ વહુને કહ્યું, 'હવે આ ઠઠારો ઉતારી નાખો, વહુ બેટા.' વહુએ વિનવણી કરી કે, 'બા, થોડા દિવસ તો પહેરી રાખવા દો.' સાસુ માની ગયાં.

બપોરે દીકરાને ભાથું આપવા જવા માટે પણ તૈયાર થયાં. ત્યારે વહુએ તેમને કહ્યું, 'હવે હું આવી છું. તમે આરામ કરો. હું જઈશ.' આનાકાની પછી સાસુએ હા પાડી અને કહ્યું, 'વહુ બેટા, આ તારાં ઘરેણાં ઉતારી મૂક.' વહુએ અગાઉની માફક કહ્યું, 'બા, થોડા દિવસ તો પહેરી રાખવા દો.'

બા બોલ્યાં, 'બેટા, સીમાડામાં તારો બાપ બહારવટિયો જોગીદાસ ખુમાણ ભટકાશે તો તારાં અંગ પર એક પણ ઘરેણું રહેવા દેશે નહીં લૂંટી લેશે. આ મલકમાં તેણે ધાક જમાવેલી છે.'

'બા, એવું નહીં થાય,' કહીને ઘરેણાંથી લદાયેલી કન્યા ખેતર તરફ રવાના થઈ. પાદર વટાવ્યા પછી સીમાડામાં એકાએક તેના પર બહારવટિયા ત્રાટક્યા. તેઓએ હુકમ કર્યો, 'તારાં ઘરેણાં ઉતારીને નીચે મૂકી દે.' કન્યાએ નિર્ભયતાથી કહ્યું, 'જોગીદાસ ખુમાણ મારા બાપ છે. હું તેમની દીકરી છું. તમે કોની ટોળીના લૂંટારા છો?' જોગીદાસનું નામ પડતાં જ લૂંટારા વિમાસણમાં પડ્યા. તેઓએ પોતાના નાયક ખુમાણને બોલાવ્યા અને પૂછ્યું, 'શું આ કન્યા આપની દીકરી છે?' જોગીદાસે ના પાડી. ત્યારે કન્યાએ જણાવ્યું, 'મારા સાસુએ કહ્યું હતું કે વગડામાં તારો બાપ જોગીદાસ ભટકાશે, તો તારું એકેય ઘરેણું રહેવા દેશે નહીં. હવે બોલો બાપ, મારા બાપ ખરા કે નહીં?'

કન્યાના બાણરૂપી બોલથી જોગીદાસનું હૈયું વીંધાઈ ગયું - તે બોલી ઊઠ્યો, "હા, બેટા હું તારો બાપ છું. તું મારી લાડકી દીકરી છે." તેણે સરદારને હુકમ કર્યો, 'દીકરીના લૂંટેલા બધા દાગીના તેને પરત કરો. કરિયાવરમાં વધારાના સુવર્ણ અલંકાર આપો અને દીકરીને તેના ઘર સુધી વળાવી આવો.'

તે દિવસે જોગીદાસ બહારવટિયો વાસ્તવિક રીતે બદલાઈને બાપ બન્યો અને સૌરાષ્ટ્રના વેરાન વગડામાં સાચા અર્થમાં પિતૃદિન ઊજવાયો.✍

**ડો. સુરેન્દ્ર આસ્થાવાદી, નડિયાદ**

---

જો કે મરણની છાયાની ખીણમાં થઈને હું ચાલુ,
તોયે હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ; કેમ કે તમે મારી સાથે છો;
તમારી લાકડી તથા તમારી છડી મને દિલાસો દે છે.
(ગીતશાસ્ત્ર ૨૩:૪)

COVID-19

# કોરોના મહામારીથી વિશ્વવિપત્તિનો પ્રારંભ



ડો. બેન્જામીન સુવાર્તિક

વિશ્વમાં આસ્તિક એટલે ઈશ્વરમાં માનનાર અને નાસ્તિક એટલે ઈશ્વરમાં નહિ માનનાર લોકો અને દેશો છે. તેમાં પણ એક ઈશ્વરમાં વિશ્વાસ કરનાર અને ઘણા દેવીદેવતાઓમાં માનનારા ધર્મો છે. આપણે પિતા-પુત્ર-આત્મા એવા ત્રિએક ઈશ્વર, જીવતા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ કરીએ છીએ અને તેમની જ ભક્તિઆરાધના કરીએ છીએ. વિશ્વલોકના મતે વિશ્વસર્જક, વિશ્વસંચાલક અને સર્વશક્તિમાન ઈશ્વર કોણ? એનો જવાબ શોધવો, આજની કોરોના મહામારીથી સરળ બની ગયો છે.

કોવિડ-૧૯ બીમારી માટે જવાબદાર કોરોના વાઈરસ, આકારમાં કાંટાવાળા કેક્ટસ જેવો અને નરી આંખે નહિ દેખાતો ૭૦-૮૦ નેનોમીટર એટલે મિલીમીટરનો દસ લાખમા ભાગ જેટલો સૂક્ષ્મકણ! એટલો નહિવત્ કદ ધરાવતો વાયરસ માણસના ગળામાં જાય તો ત્યાં અતિ ઝેરી ચેપ લગાડી, શ્વાસ ગૂંગળાવી વ્યક્તિને મોતને ઘાટ ઉતારી દે! એવી મહામારી, રોકેટ ગતિએ વિશ્વના દેશોનો ભરડો લઈ રહી છે અને તેમાં ત્રણ લાખ લોકો હોમાઈ ગયાં છે. છતાં આજ સુધી આ મહામારી માટે કોઈ અસરકારક દવા કે રસી શોધવામાં આવી નથી. એથી પોતાને મહાસત્તા માનતા દેશોથી લઈ, ઈન્ડિયા અને ઇઝરાયલ જેવા ઘણા દેશો, સર્વશક્તિમાન ઈશ્વરનો આશરો શોધી રહ્યા છે. વિશ્વમાં થોડીઘણી સમસ્યાઓ છતાં બધા દેશો હાલ એકંદરે શાંતિમાં જીવી રહ્યા હતા ત્યાં એકાએક આ મહામારી ક્યાંથી આવી? એ અંગે બાઇબલ અભ્યાસુઓ તર્કવિતર્ક કરતા થઈ ગયા છે.

કોરોના (Corona) એટલે સૂર્ય અને ચંદ્રની આસપાસ દેખાતું તેજસ્વી ગોળ વર્તુળ. એને વિદ્યા અને આકાશના પરાક્રમી ચિહ્નરૂપ ગણી શકાય. વિશ્વભાવિ અંગે સંત લૂક કહે છે : 'મોટામોટા ધરતીકંપો થશે તથા દુકાળો પડશે તથા મરકી (મહામારી) ચાલશે અને આકાશમાંથી ભયંકર ઉત્પાત તથા મોટાં ચિહ્નો થશે.' (લૂક ૨૧:૧૧-૧૨). પ્રભુ ઈસુએ સ્વર્ગાગમન પૂર્વે પોતાના શિષ્યોને પવિત્ર આત્મા આપવાનું વચન આપ્યું હતું અને વિશેષ ખાતરી કરાવી હતી કે 'હું તમને મારી શાંતિ આપીને જાઉં છું.' (યોહાન ૧૪:૨૬-૨૭). એ સાથે તેમણે ચેતવણી આપી હતી, હું પિતાની પાસે જાઉં છું... હું ઘણી વાતો કહીશ નહિ. કેમ કે આ જગતનો અધિકારી (શેતાન) આવે છે.' (યોહાન ૧૪:૨૮,૩૦). એટલે પ્રભુ ઈસુના શબ્દો પ્રમાણે જો દુનિયામાં પવિત્ર આત્મા છે તો એની પાછળ શેતાન પણ ક્રિયાશીલ છે. એણે પ્રભુ ઈસુનું પરીક્ષણ કર્યું હતું. તો એ સામે પ્રભુની પસંદ કરેલી 'ઇઝરાયલ પ્રજા' હોય કે ઈસુના લોહીથી ખરીદાયેલી 'ખ્રિસ્તી પ્રજા' (ચર્ચલોક) હોય; દરેકે શેતાનના વિનાશક પ્રહારનો સામનો કરવાનો છે.

આપણે શરૂઆતમાં આસ્તિક અને નાસ્તિકવાદની વાત કરી. ૧૯૬૦થી ૧૯૭૦ના દાયકા સુધી વિશ્વના દેશો આ બે વાદીઓના વહીવટીતંત્રમાં વહેંચાયેલા હતા. પણ ૭૦ના દાયકામાં (U.S.S.R) રશિયાના દેશોનો સમૂહ માનવ-અધિકારના નામે તૂટી જતાં; નાસ્તિકવાદી દેશો રશિયા, ચીન અને ઉત્તર કોરિયા જેવા ગણ્યાગાંઠ્યા સામ્યવાદીઓ, બિનસાંપ્રદાયિક દેશો પ્રત્યે નરમ પડ્યા અને તેમની સાથે રાજકીય, સામાજિક અને વેપારી સંબંધો કેળવ્યા. એના પરિણામે રમકડાં, મશીનરી, તેના ભાગો અને ઈલેક્ટ્રોનિક સાધનસામગ્રીમાં અગ્રેસર રહેલા ચીને ભારતથી લઈ યુરોપ-અમેરિકાના દેશોમાં ભારે નિકાસ કરી, પોતાનું અર્થતંત્ર મજબૂત કરી લીધું. એટલું જ નહિ, વિજ્ઞાન-ટેક્નોલોજી અને અંતરિક્ષના સંશોધનક્ષેત્રે પણ એ અમેરિકા અને રશિયા સાથે સ્પર્ધા કરવા લાગ્યો. સંરક્ષણક્ષેત્રે એણે વિશ્વમાં મહામોટું લશ્કર તૈયાર કરી અણુબોમ્બ અને હાઈડ્રોજન બોમ્બથી ચીનને શસ્ત્રસજ્જ કરી દીધું. હવે એ રશિયા અને ઉત્તર કોરિયા સાથે ભળી અમેરિકાને પડકારવા લાગ્યું; તે

આપણો પાડોશી હોવા છતાં હિમાલય સરહદે ઘૂસણખોરી કરતું આવ્યો છે. એટલે અમેરિકા અને તેનાં સાથી રાષ્ટ્રોએ નીડર બની ઉત્તર કોરિયા સરહદે અને ચીનથી સામુદ્રધુનીમાં તેનાં બોમ્બવિમાન કાફલાને મોકલી પોતાનો પરચો બતાવ્યો છે.

હવે સાંપ્રત ચીન, બધા દેશોની લશ્કરી તાકાત, તેમનો ઔદ્યોગિક વિકાસ અને આર્થિક સર્વોપરિતા જોઈ ઈર્ષાળુ બની ગયો છે. અને તે વિશ્વના દેશોને એવો પાઠ શીખવવા માંગે છે કે ભવિષ્યમાં લોકો અને બધા દેશો નાસ્તિકવાદીઓથી ડરે. એટલે એણે ચીનની વુહાન લેબોરેટરીમાં બંધબારણે એવો વાયરસ વિકસાવ્યો જે જીવાણુબોમ્બ તરીકે દુશ્મનદેશ પર ફેંકતા ગણતરીના દિવસોમાં જ લોકો માંદા થઈ મરી જાય. એ જ આજનો કોરોના વાયરસ પણ આપણી કહેવત મુજબ 'ખાડો ખોદે તે પડે' એમ ચીનની વુહાન લેબમાંથી ત્યાંના કર્મચારીઓ અને એક ડોક્ટરને પ્રથમ એનો ચેપ લાગ્યો. ત્યાં સુધી ચીનને પોતાને કોવિડ-૧૯ની ઘાતક અસર અને એને કાબૂમાં કરવાની જાણકારી ન હતી. એ અંગે વુહાન લેબોરેટરીમાં કામ કરી ચૂકેલા એક જાપાની ડોક્ટરના કહેવા મુજબ લેબોરેટરીના ઘણા કર્મચારીઓ માર્યા ગયા તેમ જ ચીનમાં ૨૦૨૦ના નવા વર્ષે ચીનાઓ ટપોટપ મરવા લાગ્યા. છતાં ચીને વિશ્વને એની ખબર પડવા દીધી નહિ. જ્યારે વિશ્વને ફેબ્રુઆરીમાં એની ખબર પહોંચી, ત્યારે કોરોના વાયરસ મહામારીનું સંક્રમણ ફેલાવી હાહાકાર મચાવી રહ્યો હતો. પરિણામે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિશ્વના બધા દેશોના તબીબી અને જીવનજરૂરિયાત સિવાયનો વ્યવહાર તાળાબંધી કરી અટકાવી દેવાયો. વિશ્વની આવી કરુણ સ્થિતિ મેં મારા જીવનમાં ક્યારેય જોઈ કે જાણી નથી.

ત્યારે આ નાસ્તિક દેશના અત્યાચાર સામે વિશ્વના બધા દેશો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના માર્ગદર્શન નીચે બચવાના તમામ પ્રયત્નોમાં વ્યસ્ત થઈ ગયા. એટલું જ નહિ, બધા જ દેશોનું વહીવટીતંત્ર અને અર્થતંત્ર ઠપ થઈ જતાં, સત્તાધારીઓથી માંડી પ્રજાજનો ઘરમાં કેદ થઈ ગયા. જો કે પ્રભુએ માણસને ઈશ્વર કરતાં થોડો જ ઊતરતો સર્જ્યો છે. (ગી. શા. ૮:૫) એટલે માણસ પ્રાર્થના વડે ઈશ્વરને કરગરવા લાગ્યો અને સંશોધનમાં કોરોનાની રસી માટે રાતદિવસ એક કરવા લાગ્યો. એના પરિણામે પ્રભુની પસંદ કરેલી 'ઇઝરાયલપ્રજા'ના દેશમાંથી સૌ પ્રથમ ખબર આવી કે તેમના દેશના સંરક્ષણ અને જાસૂસીતંત્ર મોસાદે મળી કોવિડ-૧૯ના વાયરસના ખાતમાની રસી વિકસાવી વિશ્વસંગઠન પાસે પેટન્ટની માગણી કરી છે. અહીં આપણે યાદ રાખવું જરૂરી છે કે નાસ્તિકવાદના એક દેશે માણસને મિટાવી દેવા સંશોધન કર્યું. ત્યારે ઈશ્વરવાદી ઇઝરાયલ, બ્રિટન, ઈટાલી અને ભારત જેવા દેશો કોરોના બચાવની રસીનું સંશોધન કરી રહ્યા છે. હજી રસી અસ્તિત્વમાં આવી નથી અને વિશ્વમાં વધતો મૃત્યુઆંક સૌ દેશોને ડરાવી રહ્યો છે.

એ સમયે આજના માનવસમાજને ઓળખીએ. આદમ-હવાએ પાપવૃક્ષનું ફળ ખાઈને એક પાપ કર્યું અને તેઓને ઈશ્વરે સ્વર્ગસમી એદનવાડીમાંથી હાંકી કાઢ્યાં. ત્યારબાદ બે હજાર વર્ષોના ગાળા બાદ ભ્રષ્ટ બનેલી માનવજાત માટે ઈશ્વરે નૂહને કહ્યું, 'મેં મારા લોકોનો અંત લાવી દેવાનો નિશ્ચય કર્યો છે.' (ઉત્પત્તિ ૫:૧૩). એમ ઈશ્વરે જળપ્રલય દ્વારા નૂહના કુટુંબ સિવાય બધાંનો નાશ કર્યો. આજના સમયમાં આપણી પાસે બાઇબલમાં મૂસાએ લખેલું નીતિશાસ્ત્ર (દસ આજ્ઞાઓ) છે. પણ મોઢે કરવા સિવાય એનો બીજો ઉપયોગ ખરો? આજના સભ્ય સમાજમાં અસત્ય, વ્યભિચાર, ખૂન, આત્મહત્યા, ટોળાહિંસા, ટોળું બનીને સ્ત્રી-બળાત્કાર કરવો, નફરત, દ્વેષ, રાજકારણ, પોતાનાંની જ ઝેર અથવા ઠંડા કલેજે કૌટુંબિક હત્યા, પરપુરુષ અને સ્ત્રી સાથે શરીરસંબંધ, પુરુષ-પુરુષ અને બે સ્ત્રી વચ્ચે લંપટવેડા અને જાનવરો અને નાનાં બાળકો સાથે વ્યભિચાર એમ ધર્મના નામે ઢોંગ, છેતરપિંડી અને જાતીયતાએ માઝા મૂકી છે. આ બધું જાહેર માધ્યમોમાં ચર્ચાય છે. ધર્મગુરુઓથી લઈ લેમેન સુધી મોટા ભાગના મૂર્તિપૂજા અને ભ્રષ્ટતામાં સામેલ છે. આ બધું ઈશ્વરની નજર સામે બની રહ્યું છે. એ અંગે દાનિયેલ ૧૨:૧માં લખે છે, 'તે વખતે રાષ્ટ્રો અસ્તિત્વમાં આવ્યાં, ત્યારથી કદી ના આવ્યો હોય એવા સંકટનો સમય આવશે.' ઈસુએ કહ્યું, 'પ્રજા-પ્રજાની વિરુદ્ધ, રાજ્ય-રાજ્યની વિરુદ્ધ ઊઠશે. દુકાળ, મરકી (મહામારી) અને ઠેકઠેકાણે ધરતીકંપ થશે.

**અનુસંધાન પાના નં. ૧૮ ઉપર...**

# તંત્ર મંત્ર શસ્ત્ર



ક્રિશ્ચિયન માત્થીઅસ એન.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત જૈતૂનના પહાડ પર બેઠા હતા ત્યારે તેમના શિષ્યોએ એકાંતમાં આવીને ઈસુને કહ્યું, તમારા આવવાની તથા જગતના અંતની શી નિશાની થશે? તે અમને કહો. ત્યારે ઈસુએ ઉત્તર આપ્યો કે, ... લડાઈ લડાઈની અફવા. કેમ કે પ્રજા પ્રજાની વિરુદ્ધ, રાજ્ય રાજ્યની વિરુદ્ધ ઊઠશે. દુકાળો તથા મરકીઓ તથા ઠેકાણે ઠેકાણે ધરતીકંપ થશે. (માથ્થી ૨૪:૬-૭) જે પ્રભુ ઈસુએ કહેલું એ બધું જ અત્યારે બની રહ્યું છે, બનશે.

કોરોના, એ નામ પણ સાંભળેલું નહિ પણ હમણાં તે રોગે આખા વિશ્વમાં ભરડો લીધો. તે રોગ એક મરકી જ છે. તેની સામે કોઈ દવા શોધી શકાશે નહિ એવું સમાચારપત્રમાં આવેલું. કારણ એઈડ્સ રોગની દવા વીસ વર્ષથી શોધવાનો પ્રયત્ન થાય છે પણ હજુ સુધી શોધી શકાઈ નથી. આ સમયે પુનર્નિયમ અધ્યાય ૨૮:૩૧માં જે કહ્યું છે તે પ્રમાણે “વળી જે રોગ તથા જે મરકી આ નિયમના પુસ્તકમાં લખેલાં નથી તેઓને યહોવા તારો નાશ થાય ત્યાં સુધી તારા પર લાવ્યા કરશે. (આ રોગનું નામ તેમાં લખેલું નથી.)

આ રોગ કોઈ એક કુટુંબમાં કે ગામમાં કે રાજ્યમાં અથવા દેશમાં થયો નહિ, પણ આખા વિશ્વમાં ફેલાઈ ગયો. આ સમયે વિશ્વના પ્રધાનો, પ્રમુખો, રાજાઓ લાચાર થઈ ગયા. એકબીજા પર દોષ આપવા લાગ્યા કે ચીનમાંથી શરૂઆત થઈ. તેમણે તે રોગને અટકાવવા કોઈ પગલાં ભર્યાં નહિ. આ રોગ ફેલાયો ત્યારે શરૂઆતમાં બહુ ગંભીરતાથી લેવામાં આવ્યો નહિ પણ પાછળથી તેની ગંભીરતા એટલી બધી લાગી કે દુનિયાનું કોઈપણ સરકારી તંત્ર કે પછી ધર્મપુસ્તકોના મંત્રો કે શસ્ત્રો કામમાં આવ્યા નહિ. હાલ તો રૂપિયાનાં શસ્ત્રો કે જે પલવારમાં દુનિયાની વસ્તીનો નાશ કરી નાંખે તેવા અણુબોમ્બ હવાઈ ગયેલા જેવા થઈ ગયા. જો કદાચ કોઈ દેશે બીજા દેશ પર હુમલો કર્યો હોત તો શસ્ત્રોનો ઉપયોગ કરીને હાર જીત નક્કી થઈ ગઈ હોત પણ આ કુદરતી ઈશ્વરી ઘટના કે જેમણે માત્ર શબ્દથી આકાશોના આકાશો ઉત્પન્ન કર્યાં, સમુદ્ર પૃથ્વી રચી તે સૈન્યોના પ્રભુ યહોવા. આ મરકી જો ઈશ્વરે ધાર્યું હોત તો એક સપ્તાહ કે એક મહિનામાં અટકાવી લીધી હોત. એક કે બે દેશ પૂરતી આ મરકી ફેલાઈ હોત અને પછી તેનો અટકાવ કરી દીધો હોત. આ મરકીથી આખું વિશ્વ ડરી ગયું. લાચાર થઈ ગયું. આ મરકી તો એક સામાન્ય ચેતવણી કહેવાય કે લોકો ઉત્પન્ન કરનાર જીવતા ઈશ્વરને ઓળખે. પોતપોતાની જાત પર કે અઢળક સંપત્તિના કારણથી શસ્ત્રોના કારણથી તેમના પર ભરોસો ન રાખે. વિશ્વના કોઈપણ વૈજ્ઞાનિકથી ઈશ્વરની સામે થવાય નહિ. આ રોગ એવો ફેલાયો કે જે કોઈ વ્યક્તિ મંદિરમાં, મસ્જિદમાં, ચર્ચમાં ના જતા હોય તે પણ આવા સમયે તેવા લોકો પણ ધર્મસ્થાનોમાં જવા તૈયાર થયા. પણ ધર્મસ્થાનો બંધ કરી દેવામાં આવ્યાં. કોઈને હાથ મિલાવવાનો નહિ તે સમજ્યા પણ દૂરથી વાત કરવાની જેથી ચેપ લાગે નહિ.

આ સમયે લોકો પોતપોતાના ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યા હશે. કોઈ વૈજ્ઞાનિક કારણથી કે ધાર્મિક ક્રિયાથી આ રોગ અટકી જાય તેના માટે અખતરા પણ કરી જોયા હશે. આપણા માનનીય વડાપ્રધાને થાળી વેલણ વગાડીને, તાળી પાડીને રાતનાં થોડી મિનિટો લાઈટ બંધ કરીને દીવા સળગાવીને પ્રયત્ન કર્યા/કરાવ્યા પણ કશો ફેર પડ્યો નહિ. ઊલટાનું વધારો થયો. પશ્ચિમના દેશોમાં સુંદર રાગો કાઢીને વાજિંત્રો વગાડવામાં આવ્યા પણ તેનાથી કશો ફરક પડ્યો નહિ. આ મરકી (રોગે) વિશ્વના લોકોને ચેતવણી આપી છે કે ચાહે રાજા હોય કે રંક હોય, વડાપ્રધાનો હોય કે પ્રમુખો હોય પણ કોઈ ગર્વથી

વર્તીને ઘમંડ ન કરે કે અમે અમારી તાકાતથી સર્વોપરી છીએ. આપણું પવિત્રશાસ્ત્ર કહે છે મરકી તારા તંબુની પાસે આવશે નહિ. આપણે જેઓ બચી ગયા છીએ તેઓ યહોવાનો આભાર માનીએ. જેઓ મરણ પામ્યાં છે તેઓનાં કુટુંબોને ઈશ્વરપિતા દિલાસો આપે અને આપણા રાજકર્તાઓને યોગ્ય સમજ જ્ઞાન આપે. પ્રભુ ઈસુએ કહ્યું, સમય પૂરો થયો છે પસ્તાવો કરો, સુવાર્તા પર વિશ્વાસ કરો.

**ક્રિશ્ચિયન માત્થીઅસ એન., આણંદ**

❖ ❖ ❖



# પાડોશી

પાડોશી રોજ આપણી ખબરઅંતર પૂછતા હોય છે. તો મને થયું કે ચાલો, આજે તેઓની ખબરઅંતર પૂછી લઉં. 'પહેલો સગો પાડોશી' કહેવત ખરેખર સાર્થક નીવડી છે. જો આપણે પાડોશીઓ સાથે સારા સંબંધ રાખ્યા હશે તો આપણા કુટુંબમાં આવતી કોઈપણ તકલીફ જેવી કે માંદગી, અકસ્માત, કૌટુંબિક ઝઘડા કે પછી સારાનરસા પ્રસંગોમાં તેઓ સૌથી પહેલા આવીને ઊભા રહેશે. તેઓને જાણ પણ કરવી પડશે નહિ. સગાંઓ તો જાણ્યા પછી ધીરે ધીરે ફુરસદે મહેમાન બની મુલાકાત લેશે. પરંતુ પહેલો સગો તે તો આપણો પાડોશી છે. તે સૌથી પહેલો આવીને ઊભો રહે છે.

જો આપણે નવી અજાણી સોસાયટીમાં રહેવા ગયા હોઈએ તો આપણને એવું થાય કે આજુબાજુના ખાલી મકાનમાં સારા પાડોશી આવશે કે નહીં? જો કોઈ ખરાબ સ્વભાવવાળો પાડોશી આવી ગયો તો કાયમનો કકળાટ. આવી ચિંતા સ્વાભાવિક છે કારણ કે ઘણા એવા ખરાબ સ્વભાવના પાડોશી પણ હોય છે કે જેઓને આપણા ઘરમાં શું ચાલી રહ્યું છે તેની ખબર આપણા કરતાં પણ વધારે હોય છે અને આપણા પળે પળની ખબર જાણવા દીવાલે કાન માંડીને ઊભા જ હોય છે. તેઓ નાની નાની વાતોમાં ઝઘડવાનું બહાનું શોધતા જ હોય છે. જેથી આવા ઈર્ષાળુ, અભિમાની અને ઝઘડાળુ પાડોશી જો પાડોશમાં રહેવા આવી જાય તો તેઓ આખી સોસાયટીનું વાતાવરણ ડહોળી નાખે છે.

થોડા સમય પહેલા મારા એક પિતરાઈ ભાઈનો ફોન રાતના બે વાગે આવ્યો. તેણે કહ્યું, "તું જલદીથી ગાડી લઈને મારા ઘરે આવી જા. મારા પપ્પાની તબિયત ગંભીર છે. તેઓને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. તેમને દવાખાને લઈ જવાના છે." હું જેમ બને તેમ જલદીથી પહોંચ્યો અને મારી બધી જ ફરજ પૂરી કરી. બીજા દિવસે મારા પિતરાઈ ભાઈને મેં ફોન કર્યો અને કહ્યું, "જો ભાઈ, તું મને રાત્રે મારી ગાડી લઈને ગમે ત્યારે બોલાવીશ તો મને આવવામાં કશો જ વાંધો નથી. પરંતુ તારા ઘરથી મારું ઘર પાંચ કી.મી. દૂર છે. જો મારાથી કોઈ કારણોસર પહોંચવામાં થોડું મોડું થઈ ગયું હોત તો?" એટલે આપણે આડોશ પાડોશમાં સારા સંબંધ રાખવા જોઈએ જેથી અચાનક આવતી મુશ્કેલી નિવારી શકાય.

હું ઈશ્વરનો ખૂબ આભાર માનું છું કે મને ખૂબ જ સારા પાડોશીઓ મળ્યા છે. આપણે જો બાઇબલમાંથી લૂક ૧૦:૨૫-૩૭ વાંચીએ તો ત્યાં 'આપણો સાચો પાડોશી કોણ' તેનું ખૂબ જ યોગ્ય દૃષ્ટાંત પ્રભુ ઈસુએ પોતે આપેલું છે. ચાલો ત્યારે, આપણે સારા અને ભલા પાડોશી થઈને રહીએ.✍

**રોયલ ખ્રિસ્તી**



## શાંત સમયે

**અનુસંધાન પાના નં. ૧૧ નું ચાલુ...**

કારણ કે, "…. યહોવાની કૃપા તેના ભક્તો પર અનાદિકાળથી તે અનંતકાળ સુધી છે, અને તેમનાં સંતાનનાં સંતાનોની સાથે પોતાનું વિશ્વાસુપણું કાયમ રાખે છે; એટલે જેઓ તેનો કરાર માને છે, તથા તેની આજ્ઞાઓ પાળવાને યાદ રાખે છે તે સર્વ પર [તે કૃપા કરે છે].(કલમ ૧૭ અને ૧૮).

ઈશ્વરની સ્તુતિ થાવ કે વિશ્વાસુ ભક્તો ઉપર ઈશ્વરની કૃપા ઘણી અધિક છે પરંતુ જો તમે હજુ સુધી પ્રભુ ઈસુનો સ્વીકાર કરીને તારણનો અનુભવ કર્યો નથી, તો ઈશ્વરનું વચન કહે છે કે, "….જેમાં વિદેશીઓ આનંદ માને છે એવાં કૃત્યો કરવામાં તમે તમારા આયુષ્યનો જેટલો વખત ગુમાવ્યો છે તે બસ છે;…." (૧ પિતર ૪:૩).

વખત પૂરો થઈ જાય અને ઘણું મોડું થઈ જાય તે અગાઉ પ્રભુ ઈસુનો સ્વીકાર કરીને તમારે માટે તથા તમારી આગામી પેઢીઓને માટે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી લો…

---

## વિશ્વવ્યાપી મરકી

**અનુસંધાન પાના નં. ૧૩નું ચાલુ....**

બપોરે મહામારીથી તું બીહીશ નહિ. ચિંતા - બીક કે ગભરાટ નહિ પણ શાંતિ. ૨ તિમો. ૧:૭. ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો સાવધબુદ્ધિનો પ્રેમનો આત્મા.

૪. કલમ ૧૦ - "મરકી તારા તંબુની પાસે આવશે નહિ."

સલામતી - રક્ષણ અને ખાત્રી.

ઈશ્વર કેવી રીતે રક્ષણ કરશે? કલમ ૧૧ તને તારા સર્વ માર્ગમાં સંભાળવાને માટે તે પોતાના દૂતોને આજ્ઞા આપશે. - હિબ્રૂ ૧:૧૩,૧૪.

બીજી કઈ રીતે પ્રભુ તમારી સહાય કરશે?

જવાબ : કલમ ૧૫ "તે મને અરજ કરશે એટલે હું તેને ઉત્તર દઈશ. હું સંકટ સમયે તેની સાથે થઈશ. હું તેને છોડાવીને માન આપીશ."

તમે પ્રાર્થના કરશો - એક બાબત.

પ્રભુ શું કરશે? - ચાર બાબત (૧) ઉત્તર દેશે, (૨) સાથે રહેશે, (૩) છોડાવશે, (૪) માન આપશે.

**જયંતિ ક્રિશ્ચિયન, ફિલાડેલ્ફીઆ, યુ.એસ.એ.**

---

## ઈમુભાઈની બોધકથાઓ :

## ઘરડાં માબાપને ઘેર પાછાં લઈ આવો!

**અનુસંધાન પાના નં. ૧૬નું ચાલુ....**

પણ તેને તો પિતાજી પાસેથી તેનું રહસ્ય મળી ગયું હતું. તેણે આગ્રહ ચાલુ રાખ્યો અને બધી તૈયારી થઈ ગઈ. આ વખતે તો ગામના અને આખા રાજ્યના નાનામોટા બધા સરોવર પાસે ભેગા થયા. લીલીથ વટવૃક્ષ પર ચઢવા લાગી. બધાંને તો એમ જ કે બીજા બધા યુવાનોની જેમ ઝાડ પર ચઢીને તળાવમાં ડૂબકી મારશે. પણ તે તો ઉપર ને ઉપર ચઢતી રહી અને છેક ટોચે પહોંચી ગઈ. બધા લોકો લોટાને જુએ અને તેમને ખબર પડે તે પહેલાં તો લોટો હાથમાં પકડી લીધો અને સરસરાટ કરતી નીચે ઊતરી આવી.

રાજાને મોટું આશ્ચર્ય થયું અને પૂછ્યું તને કેવી રીતે ખબર પડી? લીલીથે ગભરાતાં ગભરાતાં બધી સાચી વાત કરી. મને મારા વૃદ્ધ પિતાજીએ બધું કહ્યું. રાજા ખુશ થઈ ગયો. જ્યાં પચાસ યુવાનો સફળ ન થઈ શક્યા ત્યાં એક વૃદ્ધે જગા પર આવ્યા સિવાય અને કશું જોયા સિવાય બધું જાણી લીધું. તે દિવસે રાજાને ખબર પડી કે ડહાપણ તો વૃદ્ધોનું. તેમને દૂર કરવાના ના હોય, તેમની સંભાળ લેવાની હોય.

રાજ્યમાં બધે ખુશીના સમાચાર ફેલાઈ ગયા. રાજાએ વટહુકમ કાઢ્યો, બધા પોતપોતાનાં ઘરડાં માબાપને પાછાં ઘેર લઈ આવો. તેમની પૂરી સંભાળ લો અને તેમની પાસેથી ડહાપણની બે વાતો શીખો.

રાજાની પોતાની વૃદ્ધાવસ્થાની બીક જતી રહી અને તે દિવસથી તે આનંદમાં રહેવા લાગ્યો અને પરિણામે લાંબું, સુખમય અને તંદુરસ્તીભર્યું જીવન જીવીને પાકટ વયે મૃત્યુ પામ્યો. રાજ્યમાં વૃદ્ધોએ સન્માનભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું.

**ડો. ઈમાનુએલ જી. ક્રિશ્ચિયન, યુ.એસ.એ.**

✦ ✦ ✦

## હૈદ્રાબાદના ચર્ચની અદ્‌ભુત સેવા



હૈદ્રાબાદના કાલ્વરી ટેમ્પલ મેગા ચર્ચે લોકડાઉનના સમયગાળા દરમ્યાન તા. ૧૩મી મે સુધીમાં, જાતિ-ધર્મનો ભેદભાવ રાખ્યા વગર, ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને સાત લાખ કિલો ખોરાક અને દવાઓ પૂરાં પાડ્યાં હતાં.

મંડળીના સ્થાપક પાસ્ટર સતિષકુમારે પોતાની મંડળીના સભ્યોને દોરવણી આપીને ૧૩મી મે, ૨૦૨૦ સુધીમાં ૨૫ લાખ પ્લેટ રાંધેલો ખોરાક ભૂખ્યા લોકોને પીરસ્યો હતો. આ ઉપરાંત અનેક જરૂરિયાતમંદ કુટુંબોને અનાજ-કરિયાણાની કીટનું વિતરણ કર્યું હતું. દરેક કીટ ચાર વ્યક્તિના કુટુંબને એક મહિના સુધી દિવસમાં ત્રણ વખત ભોજન પૂરું પાડી શકે તેટલો સીધુ સામાન ધરાવતી હતી.

લોકડાઉન ૪.૦ દરમ્યાન પણ કાલ્વરી ટેમ્પલ ચર્ચનો આ સેવાયજ્ઞ દિવસ-રાત અવિરતપણે ચાલુ જ છે.

## ભારતભરમાં આવેલી ૧૦૦૦ ખ્રિસ્તી હોસ્પિટલો કોરોના વાયરસ દર્દીઓની વહારે




ક્રિશ્ચિયના કોએલીશન ફોર હેલ્થના (CCH) પ્રમુખ અને કેથલિક હેલ્થ એસોસીએશન ઓફ ઈન્ડિયાના (CHAI) ડાયરેક્ટર ફાધર ડો. મેથ્યુ અબ્રાહમે, વડાપ્રધાનને લખેલા એક પત્રમાં ભારતભરમાં ફેલાયેલી એક હજાર ખ્રિસ્તી હોસ્પિટલો જેમાં કુલ ૬૦,૦૦૦ બેડ્સની સગવડો છે, તે હાલ ભારતના કોરોના વાયરસ દર્દીઓની ઉત્તમ સારવાર કરી રહી હોવાનું જણાવ્યું હતું.

આ હોસ્પિટલોમાં ઈમાનુએલ હેલ્થ એસોસિએશન (EHA) અને વેલ્લોર તથા લુધિયાણાની ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ (CMC)નો પણ સમાવેશ થાય છે. CCH દ્વારા પ્રાદેશિક ભાષાઓમાં ખાસ 'કોરોના કેર' નામની ટેલિફોનિક હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે.

વડાપ્રધાને યોજેલી ધાર્મિક અને સામાજિક સંગઠનોની એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં ક્રિશ્ચિયન કોએલીશન ફોર હેલ્થ (CCH)નો ખાસ ઉલ્લેખ કરીને તેનો આભાર પણ માન્યો હતો અને તેની કામગીરી વખાણી હતી.

## પ્રભુના મહાન સેવક ડો. રવિ ઝખાર્યા પ્રભુમાં ઊંઘી ગયા



પ્રભુ ઈસુના મહાન સેવક એપોલોજીસ્ટ ડો. રવિ ઝખાર્યા, તા. ૧૯મી મે, ૨૦૨૦ના દિવસે, ૭૪ વર્ષનું સેવામય જીવન પૂરું કરીને પ્રભુના સદાના વિસામામાં ઊંઘી ગયા છે.

૨૬મી માર્ચ, ૧૯૪૬ના રોજ ચેન્નાઈ ખાતે જન્મેલા રવિ ઝખાર્યાએ ૧૭ વર્ષની ઉંમરે પોતાનું જીવન પ્રભુ ઈસુને સોંપ્યું હતું. ૪૮ વર્ષ સુધી વિશ્વભ્રમણ કરીને કરોડો વિદ્યાર્થીઓ અને વિવિધ ધર્મોના આગેવાનો સમક્ષ ખ્રિસ્તનો પ્રસાર અને પ્રચાર તર્કબદ્ધ ફિલસૂફી વડે કર્યો હતો. વિશ્વની મોખરાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને તેમણે સંબોધ્યા હતા. તેમણે 30 કરતા વધુ પુસ્તકો લખ્યા હતા. તેઓ 'લેટ માય પિપલ થીંક' અને 'જસ્ટ થિંકીંગ' રેડિયો પ્રોગ્રામના હોસ્ટ હતા. 'રવિ ઝખાર્યા ઈન્ટરનેશનલ મિનિસ્ટ્રી' - RZIMના તેઓ સ્થાપક તથા ચેરમેન હતા.

૭મી મે, ૧૯૭૨માં રવિ ઝખાર્યા માર્ગરેટ 'માર્ગી' રેનોલ્ડ્સ સાથે લગ્નગ્રંથિથી જોડાયા. ઈશ્વરે તેમને ત્રણ બાળકો; સારાહ, નેથન અને નાઓમીની ભેટ આપી. તેઓ અમેરિકાના જ્યોર્જીયા રાજ્યના એટલાન્ટા શહેરમાં રહેતા હતા અને તેમનું મૃત્યુ પણ ત્યાં જ થયું.

**- ગુજરાતી ક્રિશ્ચિયન્સ ન્યૂઝ**

શબ્દગૂંચ

## શબ્દગૂંચ - ૧૬૨



નીતા બેન્જામીન

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ | ૭ | |
| ૮ | | ■ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | | ■ |
| ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | |
| | ■ | ■ | ૨૧ | | ■ | ૨૨ | | | |
| ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | | | ■ | ■ |
| ૨૬ | ■ | ૨૭ | | ૨૮ | ■ | | ■ | ૨૯ | |
| ૩૦ | ૩૧ | | ■ | | ■ | ૩૨ | | | ■ |
| ૩૩ | | ■ | ૩૪ | | ૩૫ | ■ | ■ | ૩૬ | ૩૭ |
| ૩૮ | | ■ | ■ | ૩૯ | | | | ■ | |

**શાસ્ત્રવાચન : રોમનોને પત્ર : અધ્યાય ૧-૬**

**આડી ચાવી :**

૧. કારણ કે જો આપણે તેના મરણની ________ માં તેની સાથે જોડાયા, તો તેના પુનરુત્થાનની ________ માં પણ આપણે જોડાયેલા થઈશું.(૪)

૪. જો તું નિયમ પાળનાર હોય, તો સુન્નત તને ________ છે ખરી.(૫)

૮. ...પણ તેઓએ મિથ્યા તર્કવિતર્કો કર્યા, અને તેઓનાં નિર્બુદ્ધ ________ અંધકારમય થયાં.(૨)

૯. ઈશ્વરનાં વહાલાં, તથા પવિત્ર થવા સારુ તેડાયેલાં જેઓ ________ માં રહે છે, તે સર્વને લખિતંગ ઈસુ ખ્રિસ્તનો દાસ પાઉલ.(૨)

૧૧. કેમ કે ________ ના વારસ થવાનું વચન ઇબ્રાહિમને કે તેના વંશજોને નિયમ દ્વારા મળ્યું ન હતું.(૩)

૧૨. તારા રક્ષક ઊંઘી ________ નથી.(૩) ગી. શા. ૧૨૧.

૧૪. આકાશ.(૩)

૧૬. જેમ ખ્રિસ્તને પિતાના મહિમાથી મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા તેમ જ આપણે પણ ________ જીવનમાં ચાલીએ.(૨)

૧૮. નાખુશ, અસંતુષ્ટ.(૩)

૧૯. દેખાવ, આકાર, સૌંદર્ય.(૨)

૨૧. ...પણ જો તેનો પતિ ________ જાય, તો તે પતિના નિયમથી મુક્ત થાય છે.(૨)

૨૨. ... અને પ્રથમ તમારા ________ થી કેટલેક દરજ્જે સંતોષ પામ્યા પછી ત્યાં જવાને તમારી પાસેથી વિદાયગીરી લઈશ.(૪) રોમ. ૧૫:૨૦-૨૨

૨૩. ... ને પાપથી મરણ; અને સઘળાંએ પાપ કર્યું, તેથી સઘળાં માણસોમાં મરણનો ________ થયો.(૩)

૨૫. તોપણ આદમથી તે મૂસા સુધી મરણે રાજ કર્યું, હા, જેઓએ આદમના ઉલ્લંઘન ________ પાપ કર્યું નહોતું.(૩)

૨૭. તમારા દેહની દુર્બળતાને લીધે હું ________ ની રીતે વાત કરું છું.(૩)

૨૯. ________ આશરે સો વરસનો છતાં પોતાનું શરીર હવે તો નિર્જીવ જેવું છે.(૨)

૩૦. ... જેમ ખ્રિસ્તને પિતાના મહિમાથી મૂએલાંમાંથી ઉઠાડવામાં આવ્યા તેમ જ આપણે પણ નવા ________ માં ચાલીએ.

૩૨. પણ ઈશ્વરે જેટલે દરજ્જે દરેકને વિશ્વાસનું માપ વહેંચી આપ્યું છે, તેના પ્રમાણમાં ________ થી દરેકે પોતાને યોગ્ય ગણવા.(૩) રોમન ૧૨:૩-૭.

૩૩. લાગવગ, અનુકૂળતા, સગવડ.

૩૪. તેઓના માર્ગોમાં નાશ તથા ________ છે.(૩)

૩૬. માટે તેને કહેવામાં આવ્યું કે, વડો ________ ની ચાકરી કરશે.(૨) રોમન ૯:૬-૧૨.

૩૮. ________ x નારી (૨)

૩૯. ભૂતકાળના મહત્ત્વના બનાવોનું વૃત્તાંત (૪)

**ઊભી ચાવી :**

૧. __________ કોઈ નથી, ઈશ્વરને શોધનાર કોઈ નથી.(૫)

૨. કેમ કે જો નિયમને __________ વારસ હોય, તો વિશ્વાસ નિરર્થક થાય છે, અને વચન પણ વ્યર્થ થાય છે.(૪)

૩. ...તું તારાં વચનોમાં ન્યાયી ઠરે, અને __________ ન્યાય કરવામાં આવે ત્યારે __________ વિજય થાય.(૨)

૫. અમારા પિતૃઓ આ પહાડ પર __________ કરતા હતા.(૩) યોહાન ૪:૧૪-૨૧.

૬. એક પક્ષી.(૨)

૭. કિંમતી પથ્થર, અસાધારણ વસ્તુ કે વ્યક્તિ.(૩)

૧૦. તું જે નિયમશાસ્ત્ર વિષે __________ રાખે છે, તે તું નિયમશાસ્ત્રનું ઉલ્લંઘન કરીને ઈશ્વરનું અપમાન કરે છે?(૪)

૧૩. કણ, જરાક, થોડું.(૨)

૧૫. અફવા(૨)

૧૭. કેમ કે જગતના __________ થવાનું વચન ઇબ્રાહિમને કે તેના વંશજોને નિયમ દ્વારા મળ્યું નહતું.(૩)

૨૦. ...તેની સાથે મહિમા પામવાને સારુ જો આપણે તેની સાથે દુ:ખ __________ કરીએ તો. (૩) રોમ. ૮:૧૨-૧૭.

૨૧. ...તેથી તમને તે વખતે શું ફળ હતું? કેમ કે તે કામોનું પરિણામ __________ છે.(૩)

૨૨. ... તેથી આપણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરની સાથે __________ પામીએ છીએ.(૪)

૨૪. અને ત્રીજે દિવસે તેઓએ પોતાને હાથે વહાણનો __________ નાખી દીધો.(૩) પ્રે.કૃ.૨૭:૧૩-૨૦.

૨૬. ...પણ મૂએલાંમાંથી __________ થયેલા એવા તમે પોતાને ઈશ્વરને સોંપો.(૪)

૨૮. તેથી ઈશ્વરની મહેરબાની તથા તેની __________ પણ જો, જેઓ પડી ગયા, તેઓના ઉપર તો __________. (૪) રોમન ૧૧:૧૫-૨૪.

૨૯. ... તથા __________ અવયવોને ન્યાયીપણાનાં હથિયાર થવા સારુ ઈશ્વરને સોંપો.(૩)

૩૧. માટે અમે એવું સમજીએ છીએ કે, માણસ નિયમશાસ્ત્ર પ્રમાણેની કરણીઓ __________ વિશ્વાસથી જ ન્યાયી ઠરે છે.(૩)

૩૫. કેમ કે જે સ્ત્રીને __________ છે, તે પોતાના પતિના જીવતાં સુધી તેની સાથે નિયમથી બંધાયેલી હોય છે.(૨)

૩૭. તેઓના માર્ગોમાં __________ તથા સંતાપ છે.(૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ન | ૨ વા | | ૩ મા | | ૪ જ | ૫ વા | ૬ બ | દા | ૭ ર |
| ૮ હિ | ત | ૯ કા | ર | ૧૦ ક | | ૧૧ ર | દ | | ડો |
| | | ૧૨ મ | ફ | ત | | | ૧૩ લો | ૧૪ ભ | |
| ૧૫ ક | ૧૬ ફ | | ૧૭ તે | ર | | ૧૮ આ | | ૧૯ રી | ૨૦ તે |
| ૨૧ બ | ળ | ૨૨ વા | | ણ | | ૨૩ કા | ૨૪ વ્ય | | થી |
| ર | | ૨૫ ર | ૨૬ સ | | ૨૭ નિ | ર | ર્થ | ૨૮ ક | |
| | ૨૯ વ | સ | મા | | પ | | | ૩૦ ર | ૩૧ હે |
| | સ | | ન | ૩૨ વ | જા | ત | | ૩૩ ના | મ |
| ૩૪ તે | ના | | તા | | વ્યું | | ૩૫ પ | ર | |
| ૩૬ મ | ર | ણ | | ૩૭ હું | | ૩૮ કો | ણ | | ૩૯ તું |

## શબ્દગૂંચ ૧૬૨ના સાચા જવાબ મોકલનારની યાદી

અશ્વીનભાઈ ક્રિશ્ચિયન - મણિનગર
છાયા ફ્રેન્ક - અમદાવાદ
અનિતા ગાર્લિક - વડોદરા
કિરણ ચૌહાણ - વડોદરા
રમેશ પંચાલ - વડોદરા
શાંતિએલ હેગન - ગાંધીનગર
નેન્સી ક્રિશ્ચિયન - મહેમદાવાદ
જ્યોતિબેન ખંભાતા - સુરત
ઈલાબેન રજવાડી - ભરૂચ

# ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’ સામયિક - જાહેરાતના દર

## જાહેરાતના દર: બ્લેક એન્ડ વ્હાઈટ Black & White

| સાઈઝ (Size) | કુટુંબ /મંડળી/ધાર્મિક સંસ્થા (Families/Churches/Org.) | ક્રિશ્ચિયન કોમર્શિયલ |
|---|---|---|
| આખું પેજ (Full Page) | રૂા. ૩૦૦૦/- | રૂા. ૪૦૦૦/- |
| અડધું પેજ (Half Page) | રૂા. ૧૭૫૦/- | રૂા. ૨૦૦૦/- |
| ચોથા ભાગનું પેજ (Quarter Page) | રૂા. ૧૦૦૦/- | રૂા. ૧૨૫૦/- |

## જાહેરાતના દર: કલર જાહેરાતો માટે Colour

| | | |
|---|---|---|
| આખું પેજ (Full Page) | રૂા. ૬૦૦૦/- | રૂા. ૭૫૦૦/- |
| અડધું પેજ (Half Page) | રૂા. ૩૦૦૦/- | રૂા. ૪૦૦૦/- |
| ટાઈટલ અંદરનું પેજ (શરૂઆતે) | રૂા. ૧૫,૦૦૦/- | રૂા. ૨૦,૦૦૦/- |
| ટાઈટલ અંદરનું પેજ (અંતે) | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૧૫,૦૦૦/- |
| ટાઈટલ છેલ્લું પેજ | રૂા. ૨૦,૦૦૦/- | રૂા. ૨૫,૦૦૦/- |

## ખાસ જાહેરાત Special Items

આભારપત્ર (સ્વર્ગસ્થના ફોટા સાથે) રૂા. ૫૦૦/-
માત્ર ૧/૪ - ચોથા ભાગના પેજ માટે ફિક્સ ચાર્જ
અન્ય સાઈઝના આભારપત્રો માટે સામાન્ય જાહેરાતના દર લાગુ પડશે.

જીવનઝાંખી - એક પેજ કલર રૂા. ૭૫૦૦/-
એક પેજ બ્લેક એન્ડ વ્હાઈટ કુલ બે પેજનો ફિક્સ ચાર્જ

જીવન ઝાંખી - પેજ દીઠ રૂા. ૨૫૦૦/-
(આપશો એજ માસમાં છપાશે - કોઈ જ વેઈટીંગ નહી)

લગ્ન વિષયક (Matrimonial) ૧/૪ પેજ બોક્ષ નં. સાથે રૂા. ૧૨૫૦/-
આપની ઓળખ આપ્યા વગર ખાનગી પત્ર વ્યવહાર

**નોંધ :** (૧) દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં જાહેરાત મોકલવી. (૨) આપ જો અમદાવાદ બહારથી જાહેરાત મોકલો તો તેની સાથે આપના શહેરનો ચેક ન મોકલતા ડ્રાફ્ટ મોકલવા વિનંતી. (૩) આપના ચેક અથવા ડ્રાફ્ટ ‘JENSON MEDIA CORPORATION’ ના નામે અમદાવાદ ખાતે મોકલશો. (૪) કલર જાહેરાત / કોન્ટ્રાક્ટ માટે પત્રવ્યવહાર અથવા રૂબરૂમાં સંપર્ક કરશો. (૫) જાહેરાત, પેમેન્ટ વગેરે નીચેના સરનામે મોકલશો. **ગુજરાતી ક્રિશ્ચિયન્સ - જેન્સન મિડીયા કોર્પોરેશન, એ-૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી, ખોખરા સ્નાનાગાર સામે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦૦૦૮.**

**નોંધ : કોઈપણ લેઈટ ફી વગર દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં જાહેરાત સ્વીકારવામાં આવશે.**

**ફોન નં. ૦૭૯-૨૨૧૬૨૪૪૧**

૧. બર્થ ડે અને એનિવર્સરીની કલર અથવા બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાતો ચોથા ભાગના પેજની સાઈઝમાં ¼ છાપવામાં આવશે નહીં. આવીજાહેરાતોની મિનિમમ સાઈઝઅડધું પેજ રહેશે.

૨. કોઈપણ જાતના મિશન/પંથના ભેદભાવ વગર તમામ ખ્રિસ્તીજાહેરાતો સ્વીકારવામાં આવશે.

૩. ઈ-મેલથી જાહેરાત સ્વીકારવામાં આવશે **advtgc@gmail.com / contact@gujaratichristians.com** તથા **advertise@gujaratichristians.com** એ ત્રણેય આઈ ડી ઉપર મેઈલ કરશો. જાહેરાતની Printout તથા **JENSON MEDIA CORPORATION**ના નામે ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી અમને પોસ્ટ કરશો.

**ખાસ નોંધ : ઉપરોક્ત જાહેરાતના દરો ફક્ત ક્રિશ્ચિયન જાહેરાતકર્તાઓ માટે છે. નોન - ક્રિશ્ચિયન જાહેરાતોના ભાવ માટે ફોન ઉપર અમારો સંપર્ક કરો.**

**બિન-નફાકીય ‘ગુજરાતી ક્રિશ્ચિયન્સ’ સામયિકને આપનો જાહેરાતરૂપી ટેકો આપશો....**

# શું તમારે અન્ય ખ્રિસ્તી સામયિકો કરતાં અનેક ગણાં વાચકો - કુટુંબોને તમારી વાત જણાવવી છે? તો 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'માં જ આપની કલર / B&W જાહેરાત છપાવો...

● એક્સક્લુઝિવ અને આકર્ષક ડિઝાઈનિંગ ● સ્પષ્ટ દેખાય અને ઓળખાય તેવા ફોટોગ્રાફ્સ ● ધ્યાનાકર્ષક રજૂઆત ● ફેલાવો અને પહોંચ વધુ હોવા છતાં અતિશય વાજબી અને અન્ય સામયિક જેટલા જ જાહેરાતના દર ● ગુજરાત રાજ્યના તમામ નાનાં-મોટાં ગામ/શહેર, ભારતનાં અન્ય રાજ્યો અને દેશ-પરદેશમાં વસતાં તમામ મંડળીઓના (કેથલિક-પેન્ટિકોસ્ટલ સહિત) ખ્રિસ્તી વાચકો સુધી પહોંચવા માટે એકમાત્ર યોગ્ય વિકલ્પ.
●જાહેરાત આપવા દ્વારા સામયિકના આત્મિક સેવાકાર્યમાં સહભાગી થવાનો સંતોષ.

## શું આવતા મહિને તમારા કુટુંબમાં આનંદ અને ઉજવણીનો અવસર છે? તો આપના આનંદને 'ગુજરાતી ક્રિશ્ચિયન્સ'નાં પૃષ્ઠો ઉપર ઊજવો...

**આ પ્રસંગની જાહેરાત તા. ૨૦મી પહેલાં આપના પ્રિય સામયિક 'ગુજરાતી ક્રિશ્ચિયન્સમાં આપી તેને તમારા આનંદમાં સહભાગી બનાવો. વર્ષમાં એક વખત અવશ્ય લાભ લેશો.**



મેરેજ એનિવર્સરી



વર્ષગાંઠ


ડિગ્રી


પ્રમોશન



અભિનંદન

પરદેશગમન



એવોર્ડસ્

## જાહેરાતના દર

| સાઈઝ | બ્લેક એન્ડ વ્હાઈટ જાહેરાત | રંગીન જાહેરાત |
|---|---|---|
| ચોથા ભાગનું પાનું | રૂા. ૧૦૦૦/- (ફક્ત પ્રમોશન, એવોર્ડસ અને ડિગ્રી) | — |
| અડધું પાનું | રૂા. ૧૭૫૦/- | રૂા. ૩૦૦૦/- |
| આખું પાનું | રૂા. ૩૦૦૦/- | રૂા. ૬૦૦૦/- |

નોન-ક્રિશ્ચિયન જાહેરાતકર્તા માટેના દર અલગ છે
ટાઈટલ પેજના દર માટે જુઓ છેલ્લેથી બીજું પેજ

ગુજરાતી ક્રિશ્ચિયન્સ
ગુજરાતી ભાષામાં
પ્રસિદ્ધ થતાં ખ્રિસ્તી સામયિકોમાં
સૌથી વધુ ફેલાવો ધરાવતું
નં. ૧ સામયિક

**સંપર્ક :**
**૦૭૯-૨૨૧૬૨૪૪૧**

# જાહેરાત માટેનું ઉત્કૃષ્ટ માધ્યમ એટલે ગુજરાતી ક્રિશ્ચિયન્સ

GUJARATI CHRISTIANS - Monthly
June 2020

Published on 1st of every month Posted on 2nd of every month
Registered under RNI no. GUJGUJ/2007/20926
Registered under Postal Registration No. GAMC - 1615/2020-2022 valid upto 31st December-2022
issued by SSPO's Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO on 2nd of every month.

